અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ જુલાઈ ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ વદ છઠ

વર્ષ : ૧૪
અંક : ૩૩૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮


ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## અમદાવાદ શહેરના અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ

### આગામી 3 દિવસ રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી








| અમદાવાદ, તા.૭ |

અમદાવાદ શહેરમાં દિવસ દરમિયાન અસહ્ય બફાળા અને ઉકળાટ બાદ, સાંજે અમદાવાદના કેટલાક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે, આજે અમદાવાદ સહીત ઉતર ગુજરાતના કેટલાક જિલ્લામાં વરસાદ વરસવાની આગાહી કરી હતી. આ આગાહી અનુસાર અમદાવાદના અનેક વિસ્તારોમાં મોડી સાંજે વરસાદ વરસ્યો છે.

જેમાં શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. નરોડા, કૃષ્ણનગર, એરપોર્ટ વિસ્તારમાં પણ વરસાદ છે. નવા નરોડા, ઠક્કર નગર, વિસ્તારમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જ્યારે મેઘાણીનગર, એલિઝ બ્રિજ વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. એસ.જી. હાઈવે. સરખેજ, બોપલમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની વરસાદને લઈને આગાહી કરી છે. આગાહી અનુસાર આગામી ૫ દિવસ ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. આગામી ૩ દિવસ રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી ૪૮ કલાક અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે સૌરાષ્ટ્ર અને કચ્છમાં રેડ એલર્ટ અપાયું છે. તો ૮ જુલાઈએ અત્યંત ભારે વરસાદ રહેશે.







## ન્યૂઝ બ્રિફ

### ટ્રકમાં એસી કેબિન ફરજિયાત કરવાના ડ્રાફ્ટ નોટિફિકેશનને મંજૂરી



| નવી દિલ્હી, તા.૭ |

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નિતિન ગડકરીએ કહ્યું કે ટ્રકમાં એર કંડિશન (એસી) કેબિન ફરજિયાત કરવા માટેની ડ્રાફ્ટ નોટિફિકેશનને મંજૂરી આપી દેવામાં આવી છે. તેમણે ટ્વિટર પર જણાવ્યું કે આ ડ્રાફ્ટમાં એનર અને એનઉ કેટેગરીના ટ્રક સામેલ હશે. કેન્દ્રીયમંત્રીએ કહ્યું કે એનર અને એનઉ કેટેગરીના ટ્રકની કેબિનમાં એસીફરજિયાત કરવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશનને મંજૂરી અપાઈ છે. માર્ગ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ટ્રક ચાલકો મહત્ત્વ પૂર્ણ ભૂમિકા ભજવે છે. ટ્રકની એનર અને એનઉ કેટેગરી ભારે વહન ક્ષમતાને દર્શાવે છે. તેમણે કહ્યું કે આ નિર્ણય ટ્રક ડ્રાઈવરોને આરામદાયક કામ કરવાની સ્થિતિ પૂરી પાડવા મામલે સીમાચિહ્ન છે. તેનાથી તેમની દક્ષતા સુધરશે અને થાકની સમસ્યાનો નિકાલ આવશે. નિતિન ગડકરીએ ગત મહિને કહ્યું હતું કે ટ્રકચાલક ભારત માટે સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાંથી એક પરિવહન ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### મોદી સરનેમ પરની ટિપ્પણી મામલે રાહુલની મુશ્કેલી વધી

## સુરત કોર્ટની સજા સામેની રાહુલની રિવ્યુ પિટીશન હાઈકોર્ટે ફગાવી

### કોર્ટે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી

| અમદાવાદ, તા.૭ |

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોટો આંચકો લાગ્યો છે. ગુજરાત હાઈકોર્ટે મોદી સરનેમ મામલે સુરત કોર્ટ દ્વારા ફટકારાયેલી સજા મામલે રાહુલ ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યૂ પિટિશન ફગાવી દેવામાં આવી છે.મોદી સરનેમના નિવેદન પર માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે માનહાનિના કેસમાં સજા પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. આ સાથે જ કોર્ટે રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોદી અટક સાથે ટિપ્પણી કરવા બદલ અપરાધિક માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા. તેમને બે વર્ષની સજા સંભળાવવામાં આવી હતી, ત્યારબાદ તેમણે સંસદની સભ્યતા ગુમાવી દીધી હતી જે બાદ રાહુલે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટનું કહેવું છે કે કોર્ટનો દોષિત ઠેરવવાનો આદેશ યોગ્ય છે, તે આદેશમાં દખલ કરવાની કોઈ જરૂર નથી, તેથી અરજી ફગાવી દેવામાં આવે છે. કોર્ટે વધુમાં કહ્યું કે રાહુલ ગાંધી સામે ઓછામાં ઓછા ૧૦ ફોજદારી કેસ પેન્ડિંગ છે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ રાહુલ ગાંધી હવે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લડી શકશે નહીં અને ન તો તેઓ સંસદ સભ્ય તરીકેના તેમના દરજ્જાના સસ્પેન્શનને રદ કરવાની માંગ કરી શકશે.



### રાહુલ માટે લોકસભાની ચૂંટણી લડવી મુશ્કેલ, સુપ્રીમમાં જવું પડશે

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોદી સરનેમ વિવાદ મામલે કોઈ રાહત મળી નથી. ગુજરાત હાઈકોર્ટે માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને ઝટકો આપ્યો છે. અને આ સાથે જ કોર્ટે રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી. હાઈકોર્ટમાંથી અરજી ફગાવી દેવાયા બાદ રાહુલ ગાંધી પર જેલ જવાની તલવાર લટકી રહી છે. રાહુલ ગાંધીને ૨૩ માર્ચે બે વર્ષની સજા સંભળાવી હતી. સજાની સાથે કોર્ટે તેને સેશન્સ કોર્ટમાં જવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો હતો. જો કે સેશન્સ કોર્ટે પણ રાહુલ ગાંધીની અપીલ ફગાવી દીધી હતી. માનહાનિ કેસમાં પહેલા નીચલી કોર્ટ, પછી સેશન્સ કોર્ટ અને હવે ગુજરાત હાઈકોર્ટમાં રાહુલ ગાંધીને કોઈ રાહત મળી નથી. ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત ન મળતા હવે તેમણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક જવું પડશે.**

### શેરબજારમાં જોરદાર તેજીને બ્રેક લાગી

## સેન્સેક્સમાં ૫૦૫ અને નિફ્ટીમાં ૧૮૭ પોઈન્ટનો મોટો કડાકો

| મુંબઈ, તા.૭ |

સ્થાનિક શેરબજારો આજે ભારે ઘટાડા સાથે બંધ થયા છે. વૈશ્વિક સ્તરે નબળા વલણ વચ્ચે બીએસઈ સેન્સેક્સ ૫૦૫.૧૯ પોઈન્ટ્સ અથવા ૦.૭૭% ઘટીને ૬૫,૨૮૦.૪૫ પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૧૮૭.૪૦ પોઈન્ટ્સ અથવા ૦.૯૬%ના ઘટાડા સાથે ૧૯,૩૦૯.૯૦ પર બંધ થયો. ઝીલના શેર આજે ૯ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા.

અદાણી પોર્ટ્સ નિફ્ટીમાં સૌથી વધુ ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો. પાવરગ્રીડના શેરમાં સેન્સેક્સ પર સૌથી મોટો બ્રેક જોવા મળ્યો હતો. આ સિવાય ઈન્ડસઈન્ડ બેંક, ટેક મહિન્દ્રા, હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડ, ઈન્ડસઈન્ડ બેંક, ટેક મહિન્દ્રા, એનટીપીસી, બજાજ ફાઈનાન્સ, એચસીએલ ટેક, આઈસીઆઈસીઆઈ બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, એશિયન પેઈન્ટ્સ, કોટક મહિન્દ્રા બેંક, ઈન્ફોસીસ, એચડીએફસી અને નેસ્લે ઈન્ડિયામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. આ સિવાય ટાટા સ્ટીલ, આઈટીસી, એચડીએફસી બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, સન ફાર્મા, બજાજ ફિનસર્વ, એક્સિસ બેંક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર પણ ઘટાડા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ પર ટાટા મોટર્સનો શેર આજે સૌથી વધુ ૨.૯૪ ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો.

### વૈશ્વિક બજારમાં નબળાઈને કારણે રોકાણકારોએ સ્થાનિક બજારમાં નફો બુક કર્યો હતો

**ઓટો અને પીએસયુ બેંક સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાન સાથે બંધ થયા છે. તે જ સમયે, એફએમસીજી, પાવર, રિયલ એસ્ટેટ સેક્ટરમાં એક ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીએસઈ મિડકેપમાં જ્યાં ૦.૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે જ સમયે, બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વૈશ્વિક બજારમાં નબળાઈને કારણે રોકાણકારોએ સ્થાનિક બજારમાં નફો બુક કર્યો હતો, જેના કારણે બજારમાં બ્રેક લાગી હતી.**

**ન્યૂઝ બ્રિફ**

## જુનિયર એન્જિનિયરો જર્જરીત ઈમારતોનો સર્વે કરશે અને બે સપ્તાહમાં રિપોર્ટ સોંપવા આદેશ

| જામનગર, તા.૬ |

જામનગર શહેરના સાધના કોલોની ગત ૨૩ જુનના રોજ એક ઈમારત ધરાશાઈ થઈ હતી. જેની બાદ મહાનગર પાલિકા ટીમ દ્વારા શહેરના આવા વિસ્તારોનો સર્વે કરવા આદેશ આપ્યો છે. જેમાં શહેરના કુલ ૧૬ વોર્ડમાં ૧૬ જુનિયર ઈજનેરની ટીમ બનાવવામાં આવી છે. બે સપ્તાહમાં વોર્ડમાં તમામ બીલ્ડીંગનો સર્વે કરીને જર્જરીત ઈમારતનો સર્વેની કામગીરી પુર્ણ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. બે સપ્તાહમાં શહેરના તમામ વોર્ડમાં જર્જરીત ઈમારત અંગોની તમામ વિગતો મળતા તે બાદ તેની સામે કાર્યવાહી કરાશે. જામનગર શહેરમાં અનેક ઈમારતો જર્જરીત હાલત છે. ૨૩ જુનના રોજ બિલ્ડિંગ ધરાશાયી થતા ત્રણ લોકોના મોત થયા હતા. તેમજ ફરી આવા બનાવ ના બને તે માટે મહાનગર પાલિકા દ્વારા આવી ઈમારતોના સર્વે માટે ૧૬ ટીમ કાર્યરત કરવામાં આવી છે. જે ૧૬ ટીમ ૧૬ વોર્ડમાં ૨ સપ્તાહમાં સર્વે પુર્ણ કરીને તમામ વિગતો વિભાગને સોપશે. ત્યાર બાદ જે વધુ જોખમી હોય તેવી ઈમારતોને દુર કરવાની કાર્યવાહી કરાશે. તેમજ શકય હોય તેને માલિકો દ્વારા નિયત સમયમા રીપેર કરવાની નોટીસ આપવામાં આવશે. હાલ ૧૬ ટીમમાં જુનિયર ઈજનેર અને સાથે એક વર્ક આસિસ્ટન્ટ બે લોકોની ટીમ દ્વારા આ સર્વેની કામગીરી કરવામાં આવે છે. બે સપ્તાહ બાદ આવી ઈમારતો, માલિકનુ નામ, સરનામુ, બીલ્ડીંગની હાલ ફોટા સહિતની વિગત તૈયાર કરીને વિભાગને આપવામાં આવશે. ત્યાર બાદ તંત્ર દ્વારા જર્જરીત બિલ્ડિંગ મુજબ કાર્યવાહી કરાશે.

### બે કિ.મી. સુધી ટ્રાફિકજામ

## અમદાવાદ-આબુરોડ હાઇવે પર પાણી ભરાતાં ટ્રક પલટી

### પાલનપુરમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ, અમદાવાદ-આબુરોડ હાઇવે પર પાણી ભરાતા ટ્રક પલટી ગયો

| બનાસકાંઠા, તા.૭ |



પાલનપુરમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. વરસાદને લીધે અમદાવાદ-આબુ રોડ હાઈવે પર પાણી ભરાયા છે, જ્યારે હાઈવે પર ટ્રક પલટી ગયો છે. ટ્રક પલટી જતાં હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો છે. જેના લીધે હાઈવે પર ૨ કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી છે. હવામાન વિભાગે રાજ્યમાં વિવિધ સિસ્ટમના કારણે ભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે, ત્યારે બનાસકાંઠા અને પાટણમાં ધોધમાર વરસાદ પણ જોવા મળી રહ્યો છે.

પાલનપુરમાં ભારે વરસાદને લઈને હાઈવે પર પાણી ભરાયા છે. અમદાવાદ-આબુરોડ હાઈવે ઉપર પાણી ભરાતા ટ્રક પલટી ગયું હતું. રાજસ્થાનથી અમદાવાદ તરફ જઈ રહેલી ટ્રક પલટી મારતા ટ્રકમાં ભરેલો માલસામાન પલળ્યો હતો. હાઈવે ઉપર ટ્રક પલટી મારતા ટ્રાફિકજામ સર્જાયો હતો. અમદાવાદ-આબુરોડ હાઈવે ઉપર ૨ કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી હતી. બનાસકાંઠામાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે, ત્યારે પાલનપુરમાં અનેક જગ્યાએ રસ્તા તૂટ્યા છે. ભારે વરસાદના કારણે લુણવાથી પરપડા જતો રસ્તો તૂટ્યો છે. રસ્તો તૂટતા વાહન ચાલકો અને સ્થાનિકો અટવાયા છે. બનાસકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળી રહ્યો છે. ૧૦ દિવસ બાદ ફરી ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. ધાનેરા, ડીસા, પાલનપુર, લાખણી, દિયોદર, કાંકરેજ, વાવ, ભાભર, સુઈગામ, દાંતીવાડા સહિતના તાલુકાઓમાં વરસાદ જોવા મળી રહ્યો છે.

મોડી રાતથી શરૂ થયેલા વરસાદથી જનજીવન પર અસર જોવા મળી રહી છે. ધીમી ધારે વરસાદથી ધરતીપુત્રો ખુશ છે. મોડીરાતથી વરસી રહેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. બનાસકાંઠામાં છેલ્લા ૨૪ કલાકમાં વરસેલા વરસાદની વાત કરીએ તો, દાતામાં ૬૧ મીમી, દિયોદરમાં ૬૦ મીમી, પાલનપુરમાં ૭૬ મીમી, લાખણીમાં ૮૧ મીમી, થરાદમાં ૪૧ મીમી, વાવમાં ૧૮ મીમી, ધાનેરામાં ૨૫ મીમી, દાંતીવાડામાં ૩૩ મીમી, અમીરગઢમાં ૩૩ મીમી, વડગામમાં ૪૩ મીમી, ડીસામાં ૩૯ મીમી, ભાભરમાં ૩૫ મીમી, સુઈગામમાં ૩૩ મીમી, કાંકરેજ માં ૩૬ મીમી વરસાદ નોંધાયો છે.



### ૧૦ કલાક જોવી પડી રાહ

## દુબઈથી અમદાવાદની ફ્લાઈટના ૧૪૦ પેસેન્જર્સ જયપુર એરપોર્ટ પર ફસાયા

| અમદાવાદ, તા.૭ |

ગુજરાતમાં ચોમાસું જામ્યું છે અને થોડા વિરામ બાદ ફરીથી રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યમાં બુધવારે રાત્રે ગુજરાત સહિત રાજસ્થાનના પણ અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડ્યો હતો. શામળાજી હાઈવે પર પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. જેના કારણે પોતાનું વાહન પણ ચલાવી ન શકાય એવી સ્થિતિ હતી. ત્યારે આવા વરસાદી વાતાવરણ વચ્ચે દુબઈ જઈ રહેલી એક ફ્લાઈટ પણ અટવાઈ હતી. જેના કારણે ૧૪૦થી પણ વધુ પેસેન્જર્સને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. દુબઈથી અમદાવાદની એક ઈન્ટરનેશનલ ફ્લાઈટને અમદાવાદમાં ખરાબ હવામાનના કારણે ડાયવર્ટ કરવામાં આવી હતી. જે બાદ જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૪૦થી વધુ પેસેન્જર્સને ૧૦ કલાક સુધી રાહ જોવી પડી હતી. આ સ્થિતિ બાદ પેસેન્જર્સ પણ ગુસ્સે થયા હતા. ગુરવારે તેઓની પાસે કોઈ સામાન પણ નહોતો અને બપોર સુધી કોઈ વૈકલ્પિક ફ્લાઈટનું પણ અપડેટ મળ્યુ નહોતું. જેથી પેસેન્જર્સે પોતાનો રોષ સોશિયલ મીડિયા પર ઠાલવ્યો હતો. એક પેસેન્જરે કહ્યું કે, બુધવારે રાત્રે ૧.૦૦ વાગ્યાની આસપાસ ફ્લાઈટ જયપુરમાં લેન્ડ થઈ હતી. ફ્લાઈટના ક્રૂ મેમ્બર્સ દ્વારા અમને પીવાનું પાણી કે જમવાનું પણ આપવામાં આવ્યું નહોતું. ફ્લાઈટમાં બાળકો સહિત વૃદ્ધ લોકો પણ હતા. જયપુર એરપોર્ટ પર અમારે ૧૦ કલાકથી પણ વધુ રાહ જોવી પડી હતી અને કોઈ અપડેટ પણ આપવામાં આવ્યું નહોતું. તો એક પેસેન્જરે ટ્વિટર પર વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં પેસેન્જર ફ્લાઈટ ઓપરેટર્સ પર બૂમો પાડતો નજરે પડી રહ્યો છે કે, આ અમારી ભૂલ છે કે અમે આ ફ્લાઈટ બૂક કરી. વૈકલ્પિક ફ્લાઈટ અંગે પણ કોઈ અપડેટ નથી. અમદાવાદમાં વાતાવરણ ચોખ્ખુ થઈ ગયું છે, પરંતુ અમે લોકો હજુ પણ અહીં ફસાયેલા છીએ. મારે આવતીકાલે દુબઈ પહોંચવાનું છે. હું અહીં માત્ર એક જ દિવસ માટે આવ્યો હતો, પરંતુ મારો આખો સમય અહીં રાહ જોવામાં જ વીતી ગયો. આવી જ એક વધુ ઘટના ગુરુવારના રોજ પણ બની હતી. બેંગકોકથી અમદાવાદ આવી રહેલી એક ફ્લાઈટને પણ જયપુર ડાયવર્ટ કરવામાં આવી હતી. જ્યારે વાતાવરણ ચોખ્ખુ થયુ એ પછી તે ફ્લાઈટ ટેક ઓફ થઈ હતી.

## મહેસાણા જિલ્લામાં ધોધમાર વરસાદ, ગોપીનાળામાં બસ ફસાઈ

### ૨ ઈંચ વરસાદમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે, શહેરના આનંદ સરોવર વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે




| મહેસાણા, તા.૭ |

રાજ્યમાં વરસાદના બીજા રાઉન્ડની શરૂઆત થઈ ચૂકી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના પગલે ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. મહેસાણામાં ધોધમાર વરસાદને પગલે ગોપીનાળામાં વરસાદી પાણી ભરાયા છે. જેના પગલે ગોપીનાળાની બીજી બાજુ બસ ફસાઈ છે. ગોપીનાળામાં ફસાયેલી બસને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જ્યારે ગોપીનાળાના બંને બાજુના રસ્તાઓ બંધ પાણી ભરાવવાને લીધે બંધ છે. હવામાન વિભાગાની આગાહી અનુસાર મેઘમહેર જોવા મળી રહી છે. પાટણમાં મોડી રાતથી વહેલી સવાર સુધી ધોધમાર વરસાદ પડ્યો છે. ૨ ઈંચ વરસાદમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. શહેરના આનંદ સરોવર વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે. રસ્તાઓ પર પાણી ભરાતા રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે. પાટણ જિલ્લામાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લાના ૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ સરસ્વતી તાલુકામાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે. પાટણ ૨ ઈંચ, રાધનપુર ૧ ઈંચ તેમજ સિદ્ધપુર, હારીજ અને ચાણસ્મા પણ નોંધપાત્ર વરસાદ પડ્યો છે. હાલ પણ જિલ્લામાં ધીમી ધારે સાર્વત્રિક વરસાદ શરુ થયો છે. પાલનપુરમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. વરસાદને લીધે અમદાવાદ-આબુ રોડ હાઈવે પર પાણી ભરાયા છે, જ્યારે હાઈવે પર ટ્રક પલટી ગયો છે. ટ્રક પલટી જતાં હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો છે. જેના લીધે હાઈવે પર ૨ કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી છે. હવામાન વિભાગે રાજ્યમાં વિવિધ સિસ્ટમના કારણે ભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે, ત્યારે બનાસકાંઠા અને પાટણમાં ધોધમાર વરસાદ પણ જોવા મળી રહ્યો છે.

### ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં મેઘમહેર જોવા મળી હતી

## બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ, અનેક સોસાયટીમાં ભરાયા પાણી

| અમદાવાદ, તા.૭ |

દેશભરના કેટલાક રાજ્યોમાં અવિરત વરસાદને કારણે ભેજવાળી ગરમીમાંથી રાહત મળી છે. ક્યાંક ધીમીધારે વરસાદ પડી રહ્યો છે તો ક્યાંક જોરદાર વરસાદ પડી રહ્યો છે. તાપમાનમાં પણ ઘટાડો થયો છે. ત્યારે ગુજરાતમાં પણ વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. આગામી ૩ કલાકમાં રાજ્યના અનેક વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં પવનની ગતિ ૪૦ કિમી પ્રતિ કલાકની રહી શકે છે. પાલનપુરમાં વરસેલા વરસાદથી રસ્તાઓ જળબંબાકાર થયા હતા. આબુ રોડ-અમદાવાદ હાઈવે પર પાણી ભરાયા હતા. અંબાજી હાઈ વે સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હાઈવે પર પાણી ભરાતા વાહનોની લાંબી કતારો લાગી હતી. બનાસકાંઠાના પાલનપુરમાં ભારે વરસાદ વરસ્યો હતો. ગઠામણ પાટીયા, સૂરમંદિર, બિહારી બાગમાં પાણી ભરાયા હતા. મલાના પાટીયા, ધણીયાના ચોકડી સહિતના રોડ પર પાણી ભરાયા હતા. પાણી ભરાતા બિહારી બાગ પાસે ટ્રક ખાડામાં પલટી ગઈ હતી. પાલનપુરઃ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં મેઘમહેર જોવા મળી હતી.બનાસકાંઠાના લાખણી પંથકમાં ખેતરો બેટમાં ફેરવાયા હતા. તો બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદથી પાલનપુરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. સુખબાગ રોડ, અમન પાર્ક સોસાયટીમાં પાણી ભરાયા હતા. ભારે વરસાદથી આઠથી દસ સોસાયટીમાં પાણી ભરાયા હતા.




ગુજરાત હાઈકોર્ટમાં રાહુલ ગાંધીના કેસનો ચુકાદો આવવાનો હોવાથી કોંગ્રેસના મેમ્બર હાઈકોર્ટ પાસે એકઠા થયા હતા.

## રાજકોટમાં ટ્રાફિક વોર્ડન બાઈક રોકવાનો પ્રયત્ન કરતા ચાલક બાળકને લઈને પટકાયા

| રાજકોટ, તા.૭ |

ટ્રાફિક વોર્ડનની જવાબદારી માત્ર ટ્રાફિક નિયમન કરાવવાની હોય છે. પરંતુ તેમ છતાં ટ્રાફિક પોલીસના અધિકારીઓ તેમજ જવાનોની સ્ટ્રેંથ ઓછી હોવાના બહાના હેઠળ ટ્રાફિક વોર્ડન પાસે તેમની મૂળભૂત કામગીરી ન કરાવીને વાહનો રોકવા તેમજ વાહન ચાલકો પાસેથી જુદા-જુદા દસ્તાવેજી કાગળિયા માંગવા સહિતની કામગીરીમાં રોકવામાં આવતા હોય છે. અનેક વખત ટ્રાફિક વોર્ડન વાહન ચાલકો પાસેથી ઉઘરાણા કરતા હોય તે પ્રકારનો વીડિયો પણ વાયરલ થઈ ચૂક્યા છે. ત્યારે રાજકોટ શહેરમાં બુધવારના રોજ રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસેના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા હતા.ટ્રાફિક શાખામાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનારા કાજલબેન મોલીયા (ઉવ.૨૬) દ્વારા ટ્રાફિક બ્રિગેડમાં વોર્ડન તરીકે ફરજ બજાવનારા આદિત્ય ઝિંઝુવાડીયા વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં આઈપીસી ૩૩૬ મુજબ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા સમયે મહિલા પોલીસ કોન્સ્ટેબલ કાજલબેન મોલીયાએ જણાવ્યું છે કે, ગત ચોથી જુલાઈના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં ટ્રાફિક વોર્ડન આદિત્ય ઝિંઝુવાડીયા દ્વારા કોઈપણ જાતના હુકમ વગર બાઈક ચાલકને રોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## ગેસ સિલિન્ડર સપ્લાયર દ્વારા ખંડણીની ફરિયાદ નોંધાવાઈ

| અમદાવાદ, તા.૭ |

અમદાવાદના વાડજ પોલીસ મથકમાં ત્રણ ખંડણીખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. એક ગેસ સિલિન્ડર સપ્લાયર દ્વારા આ ખંડણીની ફરિયાદ નોંધાવાઈ છે. એક મહિલા અને અન્ય બે વ્યક્તિઓ વિરૂદ્ધ ખંડણીની ફરિયાદ નોંધાવતા પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે જ્યારે મુખ્ય ખંડણીખોર મહિલા ફરાર છે. અમદાવાદના વાડજ પોલીસની કસ્ટડીમાં રહેલા આ બે આરોપીના નામ રાજુ ચાવડા તથા હિતેશ ઉર્ફે મેમરી ચાવડા છે. જેઓ વેપારીઓને પરેશાન કરી વ્યવસાય કરવા માટે ખંડણી વસૂલતા હતા. આવા જ એક વેપારી દિનેશભાઈ પરમાર કે જેઓ ગેસ સિલિન્ડરની ડીલેવરીનું કામ કરે છે તેમની પાસેથી આ આરોપીઓ દર મહિને દસ હજાર રૂપિયાનો હપ્તો અને એક ગેસ સિલિન્ડર મફત મેળવતા હતા અને આ રીતે ખંડણી વસૂલતા હતા. રાજુ ચાવડા અને હિતેશ ચાવડાની સાથે વર્ષા મેવાડા નામની એક મહિલાની પણ સંડોવણી સામે આવી છે જે ખંડણી વસૂલવા માટે ધમકી આપતી હતી.ગેસ સિલિન્ડર સપ્લાયર દ્વારા નોંધાવેલી ફરિયાદના આધારે તપાસ કરતા હકીકત સામે આવી કે, ઝડપાયેલા આરોપીઓ છેલ્લા બે વર્ષથી આ રીતે ખંડણી વસૂલતા હતા.

## બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ પડતાં નદી અને નાળા અને ચેકડેમો છલકાયા

| બોટાદ, તા.૭ |

ગુજરાતના બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ પડતાં નદી, નાળા અને ચેકડેમો છલકાયા છે. જ્યારે જિલ્લાના મોટા જીજાવદર અને સાગાવદર ગામ વચ્ચે આવેલો કોઝવે ઓવરફલો થયો છે.કોઝવે ઓવરફલો થતા મોટા જીજાવદર ગામે જવાનો રસ્તો બંધ થયો છે. જ્યારે ગત રાત્રે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. તેમજ બોટાદ રાણપુરની ભાદર નદીમાં નવા નીર આવ્યા છે. ઉપરવાસમાં પડેલા વરસાદના પગલે નવા નીર આવ્યા છે. જેના પગલે ભાદર નદી બે કાંઠે થઈ છે. તેમજ બોટાદ શહેર સહિત જિલ્લામાં ગત મોડી રાત્રે હતો.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભારતીયસંસ્કૃતિ વિષય બંધ કરવા બાબત

## ભારતીય સંસ્કૃતિ વિષય બંધ કરવાના નિર્ણય પર કુલપતિનો યુ-ટર્ન

| અમદાવાદ, તા.૭ |

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ નિર્ણય પર યુ ટર્ન લેતા કુલપતિએ દાવો કર્યો હતો કે યુનિવર્સિટી દ્વારા વિષય ચાલુ જ રાખવામાં આવ્યો હતો પરંતુ આ વર્ષે વિધાર્થીઓ આ વિષય પ્રાધ્યાપક ન હોવાને કારણે પસંદ ન કરે તેવું કહેવામાં આવ્યું હતું પરંતુ હવે આ નિર્ણય પર પરત ખેંચવામાં આવ્યો છે અને વિધાર્થીઓ ભારતીય સંસ્કૃતિ વિષય પસંદ કરી શકશે તેવી જાહેરાત કરાઈ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો તેમાં ઉલ્લેખ કરાયો હતો કે ભારતીય સંસ્કૃતિ વિષયના અધ્યાપક ન હોવાને કારણે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ સત્રમાં બેચલર ઓફ આર્ટસ અને માસ્ટર ઓફ આર્ટસમાં વિધાર્થીઓને વિષય પસંદગી ન કરવા દેવાની સૂચના આપવામાં આવે છે.યુનિવર્સિટી દ્વારા આ પરિપત્ર જાહેર કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને ભવનોમાં સૂચના આપવામાં આવી હતી.આ પરિપત્ર જાહેર થતા કોંગ્રેસના નેતા નિદત બારોટે કુલપતિને પત્ર લખીને આ નિર્ણયપાછો ખેંચવા કહ્યું હતું. નિદત બારોટે કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય શિક્ષા નિતી ૨૦૨૦ અંગે સંસદમાં સંબોધન કરતા કહ્યું હતુ કે આગામી દિવસોમાં વિધાર્થીઓ ભારતીય સંસ્કૃતિના અભ્યાસ સાથે આંતરરાજ્ય સંસ્કૃતિનું આદાન પ્રદાન કરશે. આ અંગે કુલપતિ ગિરીશ ભિમાણીએ કહ્યુ હતું કે યુનિવર્સિટી દ્વારા આ કોર્ષ બંધ કરવામાં આવ્યો નથી પરંતુ વિધાર્થીઓને આ વર્ષે વિષય પસંદ ન કરવા સૂચિત કરવામાં આવ્યા હતા પરંતુ રાજ્ય અને કેન્દ્ર સરકાર નવી શિક્ષણ નિતીમાં ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહી છે.

# ગુજરાત ડેરી લખેલા મહારાષ્ટ્રના ટેંકરમાં દૂધના બદલે દારૂ ભર્યો

### મહારાષ્ટ્ર પાર્સિંગનું ગુજરાત ડેરી લખેલું એક દૂધનું ટેંકરર હાઇવે પરથી પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હતો

| વલસાડ, તા.૭ |

પોલીસે દારૂની હેરાફેરી કરતા બુટલેગરોની એક અજીબ તરકીબ ઝડપી પાડી છે. આ વખતે બુટલેગરો બીજા કોઈ અન્ય વાહનમાં નહીં પરંતુ દૂધના ટેંકરરમાં જ દારૂની હેરાફેરી કરતા હોવાનો પોલીસે પરદાફાશ કર્યો છે. વલસાડ ગ્રામ્ય પોલીસે દૂધના ટેંકરરમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. જોકે કન્ટેનર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. જેને ઝડપી પાડવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે. બનાવવી વિગત મુજબ રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રમાં દારૂની છૂટ છે. આથી આ પ્રદેશોમાંથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરવામાં આવતી હોવાનું અગાઉ પણ અનેક વખત બહાર આવ્યું છે. જોકે બોર્ડર પર પોલીસનો પહેરો વધારે ચોક્કસ હોવાથી બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી માટે અજીબ તરકીબો અજમાવે છે. વલસાડ રૂરલ પોલીસને મળેલી બાતમીના આધારે રૂરલ પોલીસે અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર વલસાડ સુગર ફેક્ટરી નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન જ મહારાષ્ટ્ર પાર્સિંગનું ગુજરાત ડેરી લખેલું એક દૂધનું ટેંકરર હાઈવે પરથી પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હતો. જોકે પોલીસને જોઈ ટેંકર ચાલકે પૂર ઝડપે ટેંકરર ભગાવ્યું હતું. પરંતુ પૂરી તૈયારી સાથે પહોંચેલી પોલીસે પીછો કરતા આખરે ટેંકર ચાલક સુગર ફેક્ટરી નજીક જ ટેંકર મૂકી અને ફરાર થઈ ગયો હતો. ટેંકર કબજે લઈ તપાસ કરતા પોલીસ પણ ચોકી ગઈ હતી. કારણ કે ગુજરાત ડેરી લખેલા મહારાષ્ટ્ર પાર્સિંગના આ દૂધના ટેંકરમાં દૂધ નહીં પરંતુ વિદેશી દારૂનો જથ્થો હોવાનો બહાર આવ્યું હતુ. આથી પોલીસે આ દૂધના ટેંકરને પોલીસ સ્ટેશન લાવી તપાસ કરતા ટેંકરમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જોકે ટેંકરનો ચાલક ફરાર થઈ જતા વાહન નંબરના આધારે પોલીસે આરોપીની શોધખોળ હાથ ધરી છે. મહત્વપૂર્ણ છે કે અગાઉ પણ અનેક વખત બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી માટે અજીબ તરકીબો અજમાવે છે. જોકે આ વખતે પોલીસે દૂધના ટેંકરમાં દારૂની હેરાફેરીની બુટલેગરોની તરકીબને પણ ઝડપી પાડી છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવામાં આવી રહ્યો હતો તે અંગે પણ તપાસ કરીને બૂટલેગરના મૂળ સુધી પહોંચવાના પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

## વરાછામા અમદાવાદના વેપારીનું દિન દહાડે અપહરણ થયું

| સુરત, તા.૭ |

સુરત શહેરના મોટા વરાછા વિસ્તારમાં અમદાવાદના વેપારીનું દિન દહાડે કેટલાક ઈસમો દ્વારા મરજી વિરુદ્ધ કારની અંદર બેસાડી અપહરણ કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતની જાણ સ્થાનિક પોલીસ સહિત અલગ અલગ બ્રાન્ચની પોલીસ પણ આ અપહરણ કરનારાઓને ઝડપવા માટે તપાસમાં જોતરાઈ હતી. આ બાદ ઘટનાના સીસીટીવી પણ ઘટનાના સામે આવ્યા હતા અને તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરતા પોલીસે વેપારીને સહી સલામત અપહરણ કર્તાઓ પાસેથી છોડાવ્યો હતો. મોડી રાત્રે અમદાવાદના વેપારીને પોલીસે અપહરણ કરનાર લોકોથી મુક્ત કરાવ્યા મહત્વનુ છે કે ત્રણ જેટલા અપહરણ કરતા ઈસમોની ધરપકડ કરી અને બે જેટલા ઈસમો જે ફરાર થયા છે તેમની શોધખોળ હાથ ધરી છે. હાલ સુરત પોલીસે આ બાબતે ઉતરાણ પોલીસ સ્ટેશનની અંદર અપહરણની ફરિયાદ નોંધી તપાસ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. ઘટના બાદ ભોગ બનનાર પાસે થી માહિતી મેળવતા સામે આવ્યું હતું કે,ભોગ બનનાર જૂનાગઢના વતની અને અમદાવાદમાં શેર દલાલી કરતા શક્તિ ધડુક નામના વેપારી બુધવારે મોટા વરાછા લજામણી ચોક નજીક આવેલી એક હોટેલ ની અંદર રોકાયા હતા.

### ૧૦૦૦ કરોડથી વધુ છે રાંચીના રાજકુમારની નેટવર્થ

# ૪૨ વર્ષનો થયો ભારતનો પૂર્વ કેપ્ટન એમએસ ધોની

### ધોનીએ ક્રિકેટની દુનિયામાં શું મેળવ્યું છે તેનું સપનું દરેક વ્યક્તિ જુએ છે, પરંતુ ધોની જેવું કોઈનું સપનું પૂરું થયું નથી



ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીના ચાહકો રાંચીના સિમાલિયા ખાતે તેમનો જન્મદિવસ ઉજવે છે

। નવી દિલ્હી, તા.૭ ।

ભારતના મહાન કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ૭ જૂલાઈ (શુક્રવાર) ના રોજ ૪૨ વર્ષનો થઈ ગયો. ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેનાર ધોની હજુ પણ IPLમાં રમી રહ્યો છે. તેણે ગત સીઝનમાં ચેન્નઈને ચેમ્પિયન બનાવી હતી. ધોનીની કેપ્ટન્સીમાં ચેન્નઈની ટીમ પાંચમી વખત ચેમ્પિયન બની હતી. ભારતને T20 વર્લ્ડ કપ, ODI વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડનાર કેપ્ટન ધોની માત્ર ક્રિકેટના મેદાનનો હીરો નથી, પરંતુ તે મેદાનની બહાર પણ તેટલો લોકપ્રિય છે.

ધોનીએ ક્રિકેટની દુનિયામાં શું મેળવ્યું છે તેનું સપનું દરેક વ્યક્તિ જુએ છે, પરંતુ ધોની જેવું કોઈનું સપનું પૂરું થયું નથી. ત્રણ ICC ટ્રોફી જીતનાર તે એકમાત્ર કેપ્ટન છે. રાંચીથી દુનિયા પર વર્ચસ્વ જમાવવા આવેલા ધોનીની નેટવર્થ ૧૦૦૦ કરોડથી વધુ છે. ધોનીને હાલમાં ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી ૧૨ કરોડ રૂપિયા પગાર મળે છે. આ સિવાય આ વિકેટકીપર-બેટ્સમેને વિવિધ બિઝનેસમાં રોકાણ કરીને પોતાની નેટવર્થ વધારી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ધોનીની કુલ સંપત્તિ ૧૦૭૦ કરોડ રૂપિયા છે. એવું માનવામાં આવે છે કે ધોની દર મહિને ૪ કરોડ રૂપિયા કમાય છે. તે એક વર્ષમાં લગભગ ૫૦ કરોડ રૂપિયા કમાય છે. તેણે ભલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હોય પરંતુ તે આઈપીએલમાં રમી રહ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કર્યા બાદ તેણે આઈપીએલમાં ચેન્નઈને બે વખત ચેમ્પિયન બનાવ્યું છે. આ તેમની બ્રાન્ડ વેલ્યુમાં વધારો કરે છે. જો તે આવતા વર્ષે પણ આઈપીએલમાં રમશે તો તેની કમાણી વધુ વધશે. ભારતના સૌથી ફિટ ક્રિકેટર તરીકે ઓળખાતા ધોનીએ માત્ર રમતગમતમાં જ નહીં પરંતુ ફિટનેસ ઉદ્યોગમાં પણ સાહસ કર્યું છે. તેઓ દેશભરમાં ૨૦૦ થી વધુ જીમ ધરાવે છે, જે સ્પોર્ટ્સફિટ વર્લ્ડ પ્રાઈવેટ લિમિટેડના બેનર હેઠળ છે. ધોનીનો ફૂટબોલ સાથે પણ જૂનો સંબંધ છે. ઈન્ડિયન સુપર લીગ (આઈએસએલ) ચેન્નઈન એફસીમાં પણ તેનો હિસ્સો છે. ધોનીને બાઈક્સ પ્રત્યે ઘણો પ્રેમ છે, જે તેના પ્રભાવશાળી કલેક્શનમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. પ્રતિષ્ઠિત સુપરસ્પોર્ટ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રેસિંગ ટીમનો તે માલિક છે. આ ભાગીદારી અન્ય કોઈ નહીં પણ પ્રખ્યાત અભિનેતા અક્કીનેની નાગાર્જુન સાથે કરવામાં આવી છે.

### જીવન જરૂરી વસ્તુના વધતા ભાવે લોકોની કમર તોડી

# ટામેટાના ભાવ બાદ મસાલાના ભાવમાં પણ જંગી વધારો થયો

### ૧૫ દિવસોમાં જોરદાર વધારો, મસાલાની મોંઘવારીની પાછળ ઓછી વાવણી-ઓછુ ઉત્પાદનનું કારણ ગણાવાય છે

। નવી દિલ્હી, તા.૭ ।

દેશમાં ટામેટા ઉપરાંત અન્ય શાકભાજીની વધતી કિંમતોએ સામાન્ય માણસની કમર તોડી નાંખી છે. ટામેટાના ભાવ ૧૫૦-૧૬૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. દરમિયાન મોંઘવારીમાં 'આટા ગીલા' જેવી કહેવત સાચી સાબિત થતી જોવા મળી રહી છે કેમ કે હવે ભારતીય રસોડાના સૌથી મહત્વના ભાગ મસાલાના ભાવ પણ ખૂબ જ વધી રહ્યા છે. ભારતીય રસોડાની શાન ગણાતા મસાલા જે ભોજનમાં સ્વાદ ઉમેરે છે, તે હવે મોંઘવારીનો ઝટકો સામાન્ય માણસને આપી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર મુંબઈના મસાલા બજારમાં અચાનક મસાલાના ભાવમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે અને ગત ૧૫ દિવસોમાં જ કિંમતોમાં જોરદાર વધારો થયો છે. મસાલાના ભાવ જોતા ખબર પડે છે કે ઘણા મસાલાના ભાવ લગભગ બમણા થઈ ચૂક્યા છે. કાશ્મીરી મરચુ જે પહેલા ૩૦૦-૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે હતુ તે હવે ૫૦૦-૭૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યુ છે. જીરૂં અત્યારે માર્કેટમાં ૮૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યુ છે અને આના હોલસેલ માર્કેટના રેટ ૫૫૦-૬૮૦ રૂપિયા પ્રતિ કિલો પર જઈ પહોંચ્યા છે. ગરમ મસાલા જે ભોજનના સ્વાદને વધારે છે તેના ભાવમાં તો ૭૨-૮૦ ટકાનો વધારો આ વર્ષે થઈ ચૂક્યો છે. હળદરના ભાવ પણ સતત વધી રહ્યા છે અને આ મુખ્યરીતે આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને યુપીમાં ઉછાળા સાથે જનતાને મળી રહ્યા છે.

અત્યારે દેશમાં ચોમાસાની સીઝન તો ચાલી રહી છે પરંતુ આ વર્ષે અલ નીનો યર રહેવાનું અનુમાન વર્તાઈ રહ્યુ છે જેના કારણે ઘણા પ્રકારના પાક પર નકારાત્મક અસર પડશે. મસાલાની મોંઘવારીની પાછળ આ વખતે ઓછી વાવણી અને ઓછુ ઉત્પાદનનું કારણ ગણાવાઈ રહ્યુ છે. જોકે દેશમાં મસાલાને લઈને ધીમે-ધીમે ભાવ વધવાના સમાચાર પહેલા પણ આવ્યા છે પરંતુ અત્યારે અચાનકથી ભાવોમાં આવો ઉછાળો આવ્યો એ ચોંકાવનારુ છે. મસાલા માર્કેટના વેપારીઓ અનુસાર તરબૂચના બીજ જે મસાલા બનાવવાના કામ આવે છે તેમનું એક્સપોર્ટ આ વર્ષે વધ્યુ છે જેના કારણે દેશમાં મસાલાના પ્રોડક્શન પર અસર પડે છે. આ સિવાય ઓછી વાવણી, હવામાનની અસમાનતાની નેગેટીવ અસર પણ મસાલાના પ્રોડક્શન પર જોવા મળી છે.

#### ઉદ્ધવે સામનામાં સરકાર સામે બળાપો ઠાલવ્યો

## ટામેટા પેટ્રોલ અને ડિઝલ કરતા મોંઘા થઈ ગયા : ઉદ્ધવ

અજિત પવારના બળવા બાદ મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ થઈ ગઈ છે. ભત્રીજા અજિત પવારે કાકા શરદ પવારના રાજકીય પક્ષ એનસીપીપર પોતાનો દાવો રજૂ કર્યો છે. દરમ્યાન ઉદ્ધવ ઠાકરે જૂથવાળી શિવસેનાએ તેના મુખપત્ર સામના દ્વારા મહારાષ્ટ્રમાં રાજકીય ઘમસાણ અને મોંઘવારી અંગે કેન્દ્રની મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા. સામનામાં કહ્યું કે પેટ્રોલ અને ડીઝલના ભાવ હવે પોષાય તેવા દેખાવા લાગ્યા છે, કેમ કે તેના કરતાં તો ટામેટાં મોંઘા થઈ ગયા છે. હવે પેટ્રોલ સસ્તું લાગે છે કેમ કે ટામેટાંના ભાવ આકાશ આંબી રહ્યા છે. એવી સ્થિતિ નિર્માણ પામી છે. સામનામાં લખવામાં આવ્યું છે કે યુપીએ સરકારમાં મોંઘવારી આકાશ આંબતી હોવાનો દાવો કરી મોદી સરકાર ૨૦૧૪માં સત્તામાં આવી હતી. જોકે છેલ્લા નવ વર્ષથી હવે તેઓ સતત કેન્દ્રમાં શાસન કરે છે, પણ મોંઘવારીનું શું? શું મોંઘવારી ક્યાંક સંતાઈ ગઈ છે? વાસ્તવિકતા એ છે કે મોદીના શાસનમાં ન તો દરમાં વધારો અટક્યો છે કે ન તો મોંઘવારી સંતાઈને બેઠી છે. ટામેટાના ભાવ ૧૨૦ રૂપિયાથી ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. સામનામાં મોંઘવારી અંગે પણ મોદી સરકાર પર અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

#### મોસમની સમસ્યાનું કારણ આપી કન્ટેન્ટ બદલાયું

## મોંઘવારીનો માર : મેકડોનાલ્ડસે બર્ગરમાંથી ટામેટા હટાવી દીધા

મેકડોનાલ્ડ્સે બર્ગરમાંથી ટામેટાં હટાવી દીધા છે. મેકડોનાલ્ડ્સની ભારતની ઉત્તર અને પૂર્વ ફ્રેન્ચાઈઝીએ શુક્રવારે જણાવ્યું હતું કે, મોસમી સમસ્યાઓના કારણે કેટલાક સમયથી આવું કરવામાં આવ્યું છે. તમામ પ્રયાસો છતાં પણ અમને સારી ગુણવત્તાના ટામેટાં મળ્યા નથી. ફ્રેન્ચાઈઝીએ કહ્યું કે, અમે તેનો ઉકેલ શોધી રહ્યા છીએ અને ટૂંક સમયમાં તેને અમારી વસ્તુઓમાં સામેલ કરીશું. બીજી તરફ ભારે વરસાદને કારણે દેશમાં ટામેટાના ભાવ ૨૫૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. પાક નિષ્ફળ જવાને કારણે ગુણવત્તા પર અસર પડી છે. ફુડ ક્વોલિટી અને સેફ્ટીના હાઈએસ્ટ સ્ટેન્ડર્સ માટે કમિટેડ બ્રાન્ડ તરીકે, અમે ક્વોલિટી અને સેફ્ટીની તપાસ પછી જ વસ્તુનો ઉપયોગ કરીએ છીએ. જો કે, મોસમી સમસ્યાઓના કારણે અને અમારા તમામ પ્રયત્નો છતાં, અમે ટામેટાંની ખરીદી કરવામાં અસમર્થ છીએ જે વર્લ્ડ ક્લાસ ક્વોલિટી ચેકમાંથી પસાર થઈ શકે. તેથી, અમે અમારી કેટલીક રેસ્ટોરન્ટમાં મેનૂમાંથી ટામેટાં હટાવ્યા છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે 'આ એક ટેંપરરી ઈશ્યુ છે અને અમે અમારા ગ્રાહકોને ખાતરી આપવા માંગીએ છીએ કે, અમે તેમને મેનૂ પર પાછા લાવવા માટે તમામ સંભવિત રીતો પર વિચાર કરી રહ્યા છીએ.

### વરસાદે લોકોની મુશ્કેલી વધારી

# આકાશમાંથી રાહત નહીં પણ આફત વરસી રહી છે

### મુંબઈમાં ઓરેન્જ એલર્ટ ચાલુ છે, ત્યારે ગોવામાં ખરાબ હવામાનને કારણે IMDએ રેડ એલર્ટ જાહેર કર્યું છે

। નવી દિલ્હી, તા.૭ ।

દેશના વિવિધ ભાગોમાં વરસાદ બાદ વાતાવરણ ખુશનુમા રહ્યું છે. જ્યાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમીમાંથી રાહત મળી છે ત્યાં હવે વરસાદ પણ જનજીવન માટે મુશ્કેલીનું કારણ બની રહ્યો છે. ગુરુવારે ભારે વરસાદ બાદ હવામાન વિભાગે કેટલાક રાજ્યોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કરવું પડ્યું હતું. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં મધ્યમથી ભારે વરસાદને કારણે IMDએ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે ગોવા અને દક્ષિણ ગોવામાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. IMD અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન કેરળ, તટીય કર્ણાટક, ગુજરાત તેમજ પૂર્વોત્તર ભારત, ગંગાના પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, આંતરિક કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરમાં. હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આટલું જ નહીં, હવામાન વિભાગનું એમ પણ કહેવું છે કે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને કર્ણાટકમાં અલગ-અલગ જગ્યાએ ભારે વરસાદ પછી વાવાઝોડાં અને વીજળી પડી શકે છે. બીજી તરફ ગુરુવારે ભારે વરસાદ બાદ દિલ્હી સહિત અન્ય રાજ્યોમાં લોકોને પાણી ભરાઈ જવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદ બાદ ગુરુવારે (૬ જુલાઈ) દિલ્હીમાં નવ જગ્યાએ પાણી ભરાઈ જવાથી લોકોનું જીવન મુશ્કેલ બની ગયું હતું.

### અબુધાબીમાં નફરત ફેલાવતી પોસ્ટ મૂકનારી મહિલાને પાંચ વર્ષની જેલ

। અબુ ધાબી, તા.૭ ।

ભારતમાં તો સોશિયલ મીડિયા પર ગમે તેવી અફવા ફેલાવનારા કે ભડકાઉ કન્ટેન્ટ પોસ્ટ કરનારા છટકી જતા હોય છે પણ દુનિયાના ઘણા દેશોમાં સોશિયલ મીડિયા પર નફરત ફેલાવવા સામે આકરા કાયદા કાનૂન છે. જેમ કે અબૂ ધાબીની એક કોર્ટે સોશિયલ મીડિયા પર નફરત ફેલાવવાના આરોપસર એક મહિલાને પાંચ વર્ષની જેલની તેમજ ૧૧ લાખનો દંડ ભરવાની સજા ફટકારી છે. કોર્ટે મહિલાનો મોબાઈલ ફોન પણ જપ્ત કરી લેવાનો આદેશ આપ્યો છે. આ મહિલા પર નફરત ફેલાય તેવા ભાષણનો એક વિડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાનો આરોપ લાગ્યો છે. આ વિડિયોમાં પુરુષો અને કામદારો માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

#### ન્યૂઝ બ્રિફ

### વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નિલમ ગોરે શિંદેની શિવસેનામાં જોડાયા


। મુંબઈ, તા.૭ ।

શિવસેનામાં ભાગલા પડ્યા બાદ પણ મહારાષ્ટ્રના પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેની મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી. એક પછી એક પાર્ટીના ઘણા નેતાઓ ઉદ્ધવને છોડીને મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે જોડાયા છે. ઉદ્ધવ જૂથ છોડનારા નેતાઓની યાદીમાં વધુ એક નામ ઉમેરાયું છે. વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોરે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને અલવિદા કહી દીધું છે. નીલમ એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ગઈ છે. એકનાથ શિંદેએ પાર્ટીનો ખેસ પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર હતા.

### ચીનની મેટ્રોમાં કપલની અશ્લિલ હરકતનો વીડિયો વાયરલ થયો

। શાંઘાઈ, તા.૭ ।

દિલ્હી મેટ્રોમાં અશ્લીલ હરકત કરતા કપલનો વિડિયો તાજેતરમાં વાયરલ થયો હતો અને તેના પર સોશિયલ મીડિયા પર ભારે વિવાદ પણ થયો હતો. જોકે આવી જ ઘટના ચીનની મેટ્રોમાં પણ બની છે. એક કપલનો અશ્લીલ હરકત કરતો એક વિડિયો વાયરલ થયો છે. આ વિડિયો શાંઘાઈની મેટ્રો ટ્રેનો હોવાનુ મનાઈ રહ્યુ છે. મેટ્રોના એક કોચના ખુણામાં આ કપલ ઉભુ હતુ અને તે વખતે યુવકનુ માથુ યુવતીના સ્કર્ટની અંદર હતુ. બંનેની બેગ ફર્શ પર પડી હતી. અન્ય મુસાફરોએ પોતાના ફોન કાઢીને તેમની હરકતોને કેમેરામાં કેદ કરી લીધી હતી. મેટ્રોમાં આ પ્રકારની હરકત તાજેતરમાં બ્રિટનમાં પણ જોવા મળી હતી.



છત્તીસગઢના રાજ્યપાલ બિસ્વાભુસન હરિચંદન, મુખ્યમંત્રી ભૂપેશ બાગેલ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી રમણસિંહ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાયપુર પહોંચ્યા બાદ તેમનું સ્વાગત કર્યું હતું.

#### કોંગ્રેસના નેતાઓને માથે કોર્ટરૂપી આફત

## ૭ ઓગસ્ટે કોર્ટમાં હાજર રહેવા અશોક ગેહલોતની સામે સમન્સ

### કેસ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે દાખલ કર્યો હતો

। નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાલી રહેલા માનહાનિના કેસમાં કોર્ટે મુખ્યમંત્રી અશોક ગેહલોતને સમન્સ જારી કરીને ૭ ઓગસ્ટે કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો છે. આ માનહાનિનો કેસ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે દાખલ કર્યો હતો. જસ્ટિસ હરજીત સિંહ જસપાલની કોર્ટે માનહાનિના કેસમાં સમન્સ જારી કર્યા છે. કેન્દ્રીય મંત્રી શેખાવતે સીએમ ગેહલોત વિરુદ્ધ માનહાનિની ફરિયાદ કરી હતી. આ પહેલા દિલ્હી પોલીસે કોર્ટમાં તથ્યપૂર્ણ રિપોર્ટ રજૂ કર્યો હતો. સીએમ ગેહલોત સામે સમન્સ જારી કરવામાં આવ્યા પછી, કેન્દ્રીય મંત્રી શેખાવતે એક કવિતા લખીને અને તેમના અને તેમના ચિત્રવાળા સમાચારના સ્ક્રીનશોટ સાથે એક ટ્વિટ શેર કરીને આ બાબતે ટોણો માર્યો. તેમણે લખ્યું, "કીચડ ઉછાલને વાલે લાખ હૈં મગર, કંઠ તક જલ મેં ગડા મુસ્કુરાતા હૈ કમલ". ખરેખર ફેબ્રુઆરી ૨૦૨૩માં ગેહલોતે ટ્વિટ કરીને ગજેન્દ્ર સિંહ શેખાવતને સંજીવની કૌભાંડના આરોપી ગણાવ્યા હતા.

### યુવતીએ ભર્યુ ભયંકર પગલું

## આગ્રા જિલ્લા જગ્દિશપુરા પોલીસે ચાર મહિના સુધી છેડતીબાજો સામે ન કરી કોઈ કાર્યવાહી

### હજુ હાઈકોર્ટની ઉચ્ચ બેંચમાં અપીલ કરવાનો વિકલ્પ

। આગ્રા, તા.૭ ।

છેડતી કરનારાઓ સામે ફરિયાદ નોંધ્યાના ચાર મહિના બાદ પણ પોલીસ દ્વારા કોઈ પગલા ન લેવામાં આવતા નારાજ ૧૮ વર્ષીય યુવતીએ બુધવારે આગ્રા જિલ્લા જગ્દિશપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા તેના ઘરમાં જીવન ટૂંકાવ્યું હતું. આ કેસમાં કેટલીક ક્ષતિઓ હોવાનું સ્વીકારતાં પોલીસ કમિશનર પ્રીતિંદર સિંહે ગુરુવારે જણાવ્યું હતું કે 'યુવતીના પિતાની ફરિયાના આધારે આઈપીસીની કલમ ૩૦૬ (આપઘાત માટે ઉશ્કેરણી) હેઠળ ત્રણ શક્સો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. તેમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓને સંડોવતા અગાઉના કેસમાં તપાસ અધિકારીની ભૂમિકામાં ક્ષતિ રહી છે. સબ ઈન્સ્પેક્ટરને પોલીસ લાઈન્સમાં ખસેડવામાં આવ્યા છે. વિભાગીય તપાસ હાથ ધરવામાં આવી છે'. ધરપકડ કરાયેલો આરોપી પ્રમેન્દ્રા કુમાર સરકાર દ્વારા સંચાલિત સ્કૂલમાં શિક્ષક છે.

### રશિયા-અમેરિકા વચ્ચે ખેંચતાણ વધી

## રશિયાના ફાઈટર જેટે સીરિયામાં યુએસ ડ્રોન સામે અવરોધ ઊભા કર્યા

। મોસ્કો, તા.૭ ।

રશિયા અને અમેરિકા વચ્ચે ખેંચતાણ ઓછી થવાનું નામ લઈ રહી નથી. એવામાં રશિયાના ફાઈટર જેટએ સીરિયામાં ૨૪ કલાકમાં બીજી વખત અમેરિકી ડ્રોન સામે અવરોધ ઊભા કર્યા હતા. અમેરિકી એરફોર્સના લેફ્ટનન્ટ જનરલ એલેક્સ ગ્રિનકેવિચે કહ્યું કે મોસ્કોના સૈન્ય વિમાને અમેરિકાના એમક્યું-૯ સાથે અસુરક્ષિત અને બેજવાબદાર વર્તન કર્યું. તેમણે જણાવ્યું કે રશિયાના વિમાનોએ અમેરિકી ડ્રોન સામે ફ્લેયર્સ ઝિંક્યા અને ખતરનાક રીતે ઉડાન પણ ભરી હતી. જેના લીધે તમામ વિમાનોની સુરક્ષા સામે ખતરો પેદા થયો હતો. ગત દિવસોમાં પણ અમેરિકાએ રશિયાના વિમાનો દ્વારા તેમના ડ્રોનની હેરાનગતિ કરવાનો આરોપ મૂક્યો હતો.

# તેલંગણામાં ચાલતી ટ્રેનના ત્રણ કોચમાં આગથી ભારે અફરાતફરી

। હૈદરાબાદ, તા.૭ ।

તેલંગણામાં પાટા પર દોડી રહેલી ફલકનુમા એક્સપ્રેસના ત્રણ કોચમાં આગ લાગતા નાસભાગ મચી હતી. આ ઘટના વાકયા બોમ્મઈપલ્લી અને પગડીપલ્લી રેલવે સ્ટેશન બની હોવાના અહેવાલો મળી રહ્યા છે. ટ્રેનના કોચમાં આગ લાગવાની ઘટના બનતાં જ ટ્રેનને તુરંત રોકી દેવામાં આવી હતી, ત્યારબાદ તમામ મુસાફરોને કોચમાંથી ઉતારવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈપણ જાનહાની થઈ નથી. ફલકનુમા એક્સપ્રેસન ટ્રેન પશ્ચિમ બંગાળથી સિકંદરાબાદ માટે રવાના થઈ હતી. મળતા અહેવાલો મુજબ ફલકનુમા એક્સપ્રેસમાં સવારે ૧૧.૩૦ કલાકે તેલંગણાના નલગોંડા પાસે પગડિપલ્લી પાસે આગ લાગી હતી. આ દરમિયાન જોતજોતામાં ૩ કોચમાં આગ લાગ્યા બાદ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના કારણે એસ૪, એસ૫, એસ૬ કોચ સંપૂર્ણ આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયા હતા. જેવી જ આગની જાણ થતાં જ ટ્રેનનો રોકી તુરંત મુસાફરોને કોચમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. હાલ રેલવે તરફથી મુસાફરો માટે બીજી ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. રેલવેએ જણાવ્યું કે, હાલ ટ્રેનમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. રેલવે સીપીઆરઓએ એક નિવેદનમાં જણાવ્યું કે, આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

## તંત્રી લેખ...

# હવે અંગ્રેજીનો ક્રેઝ

આ માહિતી ચોંકાવનાર છે કે અંગ્રેજી બોલવા અને તેમાં કામ કરવાની કુશળતાના મામલે અમે થોડાક પાછળ રહી ગયા છીએ. જ્યારે ચીને પોતાની સ્થિતીમાં ઝડપથી સુધારો કર્યો છે. સ્વીડનની શિક્ષણ સંસ્થા ઈએફ એજ્યુકેશન ફર્સ્ટના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત આ વર્ષે ૨૨માં સ્થાન પર છે. જ્યારે ગયા વર્ષે તે ૨૦માં ક્રમાંક પર રહેતા તેની ચર્ચા રહી હતી. એટલે કે હવે તેની સ્થિતી અગાઉના વર્ષની તુલનામાં નબળી પડી રહી છે. બીજી બાજુ ચીન પોતાના સ્થાનમાં અને પ્રદર્શનમાં સુધાર કરીને સીધી રીતે આઠ સ્થાન સુધાર કરીને તે હવે ૩૯માં સ્થાન પર છે. આ રિપોર્ટ ૭૨ દેશોના ૯૫૦૦૦૦ યુવાનોને આવરી લઈને કરવામાં આવેલા ઈંગ્લિશ ટેસ્ટ પર આધારિત છે. ઈએફ એજ્યુકેશન ફર્સ્ટ બિન અંગ્રેડી ભાષા દેશોની અંગ્રેજીની કુશળતાને લઈને ટેસ્ટ કરે છે. તેમના મુલ્યાંકન કરે છે. ભારતના સંબંધમાં આ નિષ્કર્ષ કાઢવાની બાબત મુશ્કેલ છે કે ભારતીય ભાષામાં જોર વધવાના કારણે અંગ્રેજી પ્રત્યે ધ્યાન લોકોનુ હટી ગયુ છે. દેશમાં આવી કોઈ પ્રક્રિયા હાલમાં ચાલી રહી નથી. ચોક્કસપણે ૬૦ના દશકમાં હિન્દી સમર્થક રાજનિતીની ધારા ચોક્કસપણે ઉભરી આવી હતી. જેના દ્વારા અંગ્રેજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ આજે આ રાજકીય બાબત દેખાઈ રહી નથી. તેની કોઈ ચર્ચા જોવા મળી રહી નથી. છેલ્લા એઓક દોઢ દાયકામાં અંગ્રેજીમાં અભ્યાસ કરનાર અને આને લઈને એક સર્વસંમતી બની છે. અંગ્રેજીને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન, પ્લાનિંગ એનડ એડમિનિસ્ટ્રેશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી વર્ષ ૨૦૧૦-૧૧ના ગાળા દરમિયાન અંગ્રેજી માધ્યમની સ્કુલોમાં પ્રવેશ માટેના આંકડામાં ૨૭૪ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. હિન્દીને ઓછુ મહત્વ આ ગાળામાં મળ્યુ છે. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. આજના પેરેન્ટસ ભાષાના પ્રશ્ન પર ભાવુકતાથી જોવાના બદલે વ્યહારિક રીતે નિહાળે છે. પેરેન્ટસને આ અંગેની માહિતી છે કે અંગ્રેજી તમામ સામાજિક-આર્થિક ગતિવિધીના એકલા માધ્યમ તરીકે ઉભરી છે. મોડર્ન ટેકનોલોજી અને લાઈફ સ્ટાઈલની સાથે સાથે તાલમેળ બેસાડી દેવા માટે આ બાબત આજે ખુબ જરૂરી પણ બની છે. અંગ્રેજી આજે રોજી રોજગારીની ભાષા પણ છે. પાવર પણ અંગ્રેજીમાં દેખાય છે. પરંતુ અમારા દેશની સમસ્યા એ છે કે બ્રિટીશ સામ્રાજયવાદમાં લાંબા સમય સુધી રહેવાના કારણે અંગ્રેજી હવે માત્ર એક ભાષા તરીકે રહી નથી. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. સમાજ વર્ગોમાં વિભાજિત હોવાના કારણે અહીં અંગ્રેજીના પણ કેટલાક મુલ્યો છે. અબિજાત વર્ગની અંગ્રેજી બિલકુલ અલગ છે. તેમાં બ્રિટીશ સ્વરૂપ અને ગ્રામર પર ખાસ ભાર છે.

**વર્ષે દોઢ લાખના મોત : વધારે ગતિની સામે જિન્દગીને પછડાટ...**

## અકસ્માતોનો ગ્રાફ સતત વધ્યો છે

દેશમાં માર્ગ અકસ્માતોને રોકવા માટે સરકાર અને અન્ય જુદા જુદા સ્તર પર તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં માર્ગ અકસ્માતોને રોકવામાં હજુ સુધી ઉલ્લેખનીય સફળતા હાથ લાગી નથી. વિતેલા વર્ષોની તુલનામાં હવે વધારે સારા માર્ગોની સ્થિતીના કારણે ચોક્કસપણે અકસ્માતો પહેલા કરતા ઓછા થયા છે પરંતુ હજુ વધુ પગલા લેવાની જરૂર છે. સાથે સાથે સામાન્ય લોકો પણ વાહન ચલાવતી વેળા સાવધાન રહે તે જરૂરી છે. ટ્રાફિક નિયમોને યોગ્ય રીતે પાળવામાં આવે તે જરૂરી છે. તેજ રફતારના કારણે જીન્દગીને પછડાટ મળી રહી છે. તેજ રફતારને રોકવા માટે પણ પગલા લેવામાં આવે તે જરૂરિયાત અનુભવાઈ રહી છે. આંકડા પર નજર કરવામાં આવે તો વાર્ષિક દોઢ લાખ લોકોના મોત માર્ગ અકસ્માતના કારણે થઈ રહ્યા છે. નિધાર્રિત કરવામાં આવેલી ગતિ કરતા વધારે ગતિથી જો વાહનને ચલાવવામાં આવે તો કેટલાક રસ્તા પર અકસ્માતનો ખતરો અનેક ગણો વધી જાય છે. વાર્ષિક દોઢ લાખ લોકોના મોત માર્ગ અકસ્માતના કારણે થઈ રહ્યા છે. દેશમાં માર્ગ અકસ્માતોમાં દરરોજ સેંકડો લોકોના મોત થઈ રહ્યા છે. રાજમાર્ગ જ નહીં બલ્કે શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પણ ફોર વ્હીલર્સ અને ટુ વ્હીલર્સને આવરી લેતા અકસ્માતો થઈ રહ્યા છે. જેટલી નવી ટેકનોલોજી સાથે ગાડીઓ આવી રહી છે તેટલી જ ગતિથી એક્સપ્રેસ હાઈવે બની રહ્યા છે. તેટલી જ સંખ્યામાં અકસ્માતો પણ વધી રહ્યા છે. માર્ગ અકસ્માતોમાં મૃતકો અને ઘાયલ થયેલા લોકોની સંખ્યા પણ વધી રહી છે. સંસદ અને રાજ્ય વિધાનસભામાં વારંવાર આંકડા આપવામાં આવે છે. સાથે સાથે નવા નવા વાહન કાયદા પણ લાગુ કરવામાં આવે છે. પરંતુઆને લાગુ કઈ રીતે કરવામાં આવે તેને લઈને હમેંશા પ્રશ્ન રહે છે. લોકોમાં ટ્રાફિક સેન્સને લઈને માહિતી પણ ખુબ જરૂરી છે. જો કે આને લઈને સરકાર બિલકુલ ગંભીર દેખાઈ રહી નથી. પાર્કિંગની વ્યવસ્થાના અભાવને લીધે પણ કેટલાક અકસ્માતો થાય છે. માર્ગો પર જુના વાહનોની સંખ્યા પણ ખુબ વધારે છે. દેશમાં આશરે ૫૦કરોડથી વધારે રજિસ્ટાર્ડ મોટર વાહનો છે. પહેલી માર્ચ ૨૦૨૩ સુધીના આંકડા પર નજર કરવાવાં આવે તો ૭૦ લાખ કિલોમીટરના માર્ગ નેટવર્ક છે. વાર્ષિક સરેરાશ દોઢ લાખ લોકોના અકસ્માતોમાં મોત થાય છે. કરોડો રૂપિયાનુ નુકસાન અલગથી થાય છે. લોકોની પાસે હવે આધુનિક ટેકનોલોજી સાથેના વાહન વધારે આવી રહ્યા છે. પરંતુ આ વાહન પર ગતિ નિયંત્રણ નથી. સાથે સાથે ટ્રાફિક નિયમોને લઈને ચિંતા કરતા નથી. પરિવહન વિભાગ લાયસન્સ તો જારી કરે છે પરંતુ રોડ પર કઈ રીતે ચાલવામાં આવે તે સંબંધમાં માહિતી આપવામાં આવતી નથી. આ જ કારણ છે કે વર્ષ ૨૦૨૧માં થયેલા ૪૬૪૯૧૦ માર્ગ અકસ્માતો પૈકી ૩૨૭૪૪૮ માર્ગ અકસ્માતો અનિયંત્રિત ગતિના કારણે થાય છે. વર્ષ ૨૦૨૧માં ૧૪૧૪૬૬ માર્ગ અકસ્માતો તો રાષ્ટ્રીય રાજમાર્ગ પર થયા હતા, ટ્રાફિક નિયમોને ભંગ કરીને ઓવરલોડ વાહનો માર્ગો પર દોડી રહ્યા છે. રાષ્ટ્રીય રાજમાર્ગ હોય કે પછી શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં માર્ગો હોય વર્ષ ૨૦૨૧માં થયેલા માર્ગ અકસ્માતો પૈકી ૫૫૫૧૨ અકસ્માતોમાં ઓવરલોડ વાહનો સામેલ છે. માર્ગો પર જુના અને ખટારા વાહનો પણ દોડી રહ્યા છે. આના કારણે પ્રદુષણ તો વધે છે સાથે સાથે માર્ગ અકસ્માતો પણ થાય છે. ૨૦૨૧માં ૧૦૪૩૫૫ માર્ગ અકસ્માતો તો ૧૦ વર્ષ સુધી વાહનોના કારણે થયા હતા. આમાં પણ ૪૨૯૩૯ અકસ્માતો તો ૧૫ વર્ષ કરતા પણ જુના વાહનો સાથે સંબંધિત રહ્યા છે. વધતા જતા પ્રદુષણના કારણે પણ સુપ્રીમ કોર્ટે કેટલાક આદેશ જુના વાહનોને લઈને જારી કર્યા છે. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે દિલ્હી સહિત સમગ્ર એનસીઆર વિસ્તારમાં ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના ડીઝલના વાહનો પર બ્રેક મુકવાની જાહેરાત કરી હતી.

# કંઈ પામવાની ચિંતા ના રહે કે, ખોવાનો ડર ન રહે એવી ઈચ્છા મુક્ત વ્યક્તિ ફકીર છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

ત્રીજા દિવસની માનસ મહાકાલની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે કથાનું પ્રેમ બિંદુ મહાકાલ છે. હું અહીં આવ્યો ત્યારે મહાકાલનાં મંદિરમાં દર્શને ગયો હતો, પૂજારીજીને મેં પૂછ્યું કે મહાકાલ વિશે કોઈ પૌરાણિક એવી વાત હોય તો એ મને જણાવો, જે હું ન જાણતો હોઉં! અને પૂજારીજીએ મને જણાવ્યું કે પુરાણોમાં ત્રિભુવનમાં શિવલિંગની વાત છે. આકાશં તારકં લિંગમ્ , પાતાળે હાટકેશ્વરં, ભૂલોક ચ મહાકાલં ત્રેલિંગમ નમોસ્તુતે. ત્રિભુવન એટલે આકાશ પૃથ્વી અને પાતાળ, આકાશમાં તારા રૂપે શિવલિંગ છે, ભૂતળ એટલે કે ધરા પર મધ્ય ભારતમાં આવેલું મહાકાલનું શિવલિંગ છે, અને પાતાળમાં હાટકેશ્વરનું શિવલિંગ છે, હાટકેશ્વર નાગરનાં ઈષ્ટદેવ કહેવાય છે. આકાશ સુધી આપણી ઊંચાઈ નથી, અને પાતાળ પણ ગહેરાઈમા છે, આપણી ઓકાત તો ભૂમિની છે, એની પર અભિષેક કરવો. એટલે જ આપણે મહાકાલના મંદિરમાં બનેલી આ ઘટનાને કેન્દ્રમાં રાખીને કથા ગાઈ રહ્યા છીએ. હું પુજારીજીનો શાસ્ત્રોક્ત વાત જણાવવા ધન્યવાદ કરું છું. મહાકાલ સિવાય આ પાંચ વસ્તુઓ બીજી ક્યાંય નથી, એ વાત હું એમાં જોડવા માંગુ છું. (૧)ક્ષેત્ર (૨) શક્તિપીઠ (૩) ઊષર (૪) ગુહ્ય (૫) ભૂતોનો વાસ.

ક્ષેત્રની પરિભાષા મારી રીતે એવી હોય છે કે જે સ્થળે જવાથી પાપોનો આપોઆપ વિનાશ થવા લાગે છે, એને ક્ષેત્ર કહે છે, મહાકાલ એક એવું જ ક્ષેત્ર છે. બીજું અહીં હરસિદ્ધિની શક્તિની પીઠ પણ છે. આ ઉપરાંત ઉષર પણ છે, ઉષર એટલે એવી જમીન કે જ્યાં ઘાસ પણ અંકુરિત થતું નથી, ત્યાં ગમે તેટલું સારું બીજ વાવવામાં આવે પરંતુ એ અંકુરિત થતું નથી. મહાકાલની આસપાસનો વિસ્તાર ઉષર છે એવું કહેવાય છે, એટલે અહીં ઉષરનો અર્થ એવો કરીશું કે મહાકાલની આસપાસનો જે વિસ્તાર છે, પુણ્ય પ્રવાહ ક્ષીપ્રાજીમાં સ્નાન કરી લે, તેનું કોઈ પણ પ્રકારનું પાપ ઉગતું નથી. તો આ ભૂમિ ક્ષેત્ર છે, આ ભૂમિ પર શક્તિપીઠ છે, અને આ ભૂમિ ઉષર પણ છે. ચોથી વસ્તુને ગુહ્ય બતાવવામાં આવી છે, કેમકે મહાકાલનું આ પ્રિય સ્થાન છે, અને શિવને પ્રિય સ્થાન હોવાને કારણે તેને ગુહ્ય કહે છે. નિયમ પણ એવો જ છે કે જેમના પ્રત્યે અત્યંત પ્રેમ હોય એને એ વધારે પ્રગટ નહીં કરે ગુપ્ત રાખશે. ભગવાન રામનો સંદેશ લઈને હનુમાનજી લંકામાં જાય છે, ત્યારે સીતાજી સમક્ષ પ્રેમ રજૂ કરતાં કહે છે, કે જે મારો તત્વ પ્રેમ છે, એ કેવળ મારું મન જ જાણે છે બાકી ગુપ્ત છે. તો પ્રેમ ગુપ્ત હોય છે, પરંતુ પ્રેમ છુપાવી પણ નથી શકાતો. પ્રેમ કરનારની આંખો બોલી જાય છે.રાજ કૌશિકના શેરનું સ્મરણ કર્યું.

**કભી રોતી, કભી હસતી, કભી લગતી શરાબી સી,**
**મહોબત કરને વાલો કી, નિગાહે ઔર હોતી હૈ.**

પ્રેમ તત્વ ગુપ્ત છે, કોઈપણ વ્યક્તિ પોતાની વાત પોતાના મુખે કહે એને આત્મશ્લાઘા કહેવાય અને એની શાસ્ત્ર ના પાડે છે, પોતાના ચરિત્રના વખાણને શીલ જગતમાં સારું માનવામાં આવતું નથી. પરંતુ મહાન લોકો પોતાની આત્મકથાઓ લખે છે, વિશ્વ વન્દ્ય ગાંધીબાપુ એ પણ સત્યના પ્રયોગો નામે આત્મકથા લખી. તો શું સાધુ પોતાના અનુભવ કહે જ નહીં? આ સંતો મહાત્મા પોતપોતાની વાતો શા માટે કરે છે, એમને શું મોટાઈ જોઈએ છે? ભગવાન શંકર એ પણ પોતાના અનુભવો કહે છે. બાબા ભૂશંડી એ પણ માનસમાં પોતાના અનુભવો કહ્યા છે, એટલે સાધુને જ્યારે એમ લાગે કે પોતાના કહેવાથી કોઈ અધિકારીની પ્રભુ ભક્તિ વધશે, ત્યારે એ પોતાની વાતો સમાજ સામે કહેતા હોય છે,એટલે કે ગુહ્ય માં ગુહ્ય રહસ્ય ખોલતા હોય છે. એટલે જ જ્યારે ગરુડે પ્રશ્ન કર્યો ત્યારે ભૂષંડીજી પોતાના પૂર્વ જન્મની વાતથી શરૂઆત કરી!. મને તો એવું લાગે છે કે આ ક્ષેત્રમાં કોઈ સંતના આશીર્વાદ મળી જાય અને ક્ષિપ્રાના તટ પર ચૂપચાપ બેસી જાય, તો શિવ સ્વયં પોતાના ગુઢ રહસ્યો ખોલવા માટે મજબૂર બની જાય. ગુઢઉ તત્વ ન સાધુ દુરાવા. પ્રાપ્તિ હંમેશા પ્રસાદથી જ થતી હોય છે, ક્યારેય પણ પ્રયાસ કામ કરતો નથી. પ્રસાદ પ્રાપ્ત થતા ગુહ્યતા પ્રગટ થવા લાગે છે. હું પણ કથાઓમાં મારા સદગુરુ ભગવાન પૂજ્ય દાદાની વાતો કરતો હોઉં છું, અને ઘણાં કહેતાં હોય છે, કે બાપુ પૂજ્ય દાદાની વાત કરો! પરંતુ હું એને સાર્વજનિક શું કામ કરું? મારે તમારી પાસેથી શું લેવું છે! પણ તોય ક્યારેક ક્યારેક એ વાત કરું છું, કે કદાચ તમારી ગુરુ પદ પ્રીતિ વધી જાય, બની શકે કે તમારા ક્લેશનું સમન થાય, પ્રત્યેક બુદ્ધ પુરુષને પોત પોતાના આશ્રિત હોય છે, અને, સદગુરુ પોતાના આશ્રિતમાં પૂરેપૂરું જ્ઞાન ઠાલવી દેતા હોય છે.

નિઝામુદ્દીન ઓલિયા અને અમીર ખુશરોની વાત કરતાં કહ્યુ કે અમીર ખુશરો બહુ જ શ્રીમંત હતો. ઘણા રાજાઓ સાથે એણે કામ કર્યું હતું, અને એ સમયમાં અમીર ખૂબ કમાયો! પણ એ પોતે જ કહે છે કે, કમાયો હોવા છતાં પણ એ ભિખારી હતો. પરંતુ જ્યારે તેને સદગુરુનું શરણ પ્રાપ્ત થયું, ત્યારે જ તે કંઈક સાચું પામી શક્યો. માણસ પાસે બધું જ હોય, ત્યારે તે અમીર થઈ ગયો એવું માનવું એ ભ્રાંતિ ભર્યું છે. સાચો અમીર તો એ છે જે ઈચ્છાથી મુક્ત થઈ જાય, અને જે ફકીર છે! જેમની પાસે કંઈ નથી એ ફકીર નથી પરંતુ જેમની પાસે ઈચ્છા જ નથી એ ફકીર છે! પણ ફકીર પાસે ઘણું બધું હોય છે જે આપણી પાસે નથી હોતું. દીક્ષિત દંકોરીની પંક્તિ યાદ કરી.

**ખલૂસે મહોબ્બત કી ખુશ્બુ સી તર હૈ,**
**ચલે આવીએ યે અજીબો કા ઘર હૈ,**
**અલગ હી મજા હૈ ફકીરી કા અપના,**
**ન પાને કે ચિંતા ન ખોને કા ડર હૈ.**

કંઈ પામવાની ચિંતા ના રહે કે, ખોવાનો ડર ન રહે, એવી ઈચ્છા મુક્ત વ્યક્તિ ફકીર છે. પછી એ સમ્રાટના વેશમાં હોય કે ભિખારીના! સમ્રાટમાં દેશમાં હોય પણ ઈચ્છા ન ગઈ હોય, તો એ બધું જ નકામું છે. હાથમાં ભિક્ષાપાત્ર નથી બસ એટલો ફર્ક છે.

મહાકાલના ક્ષેત્રમાં આવનારને ચાર વસ્તુઓ જતી રહેશે. અહીં આવનારને દિનતા જશે, દરિદ્રતા જશે, અને અહીં આવનારનાં દુઃખ પણ જશે, આ ક્ષેત્રમાં ચાર વસ્તુ લઈને આવ્યા હતા. અયોધ્યાએ એના પાત્રમાં આ ચાર વસ્તુ નાખી હતી, પરંતુ મહાકાલે ચારે ચાર વસ્તુઓ છીનવી લીધી. જ્યારે આવ્યા ત્યારે ભૂષંડી કહે છે કે, દિન મલીન દરિદ્ર દુઃખારી, ગયઉં ઉજ્જયનિ સુનુ ઉરગારી. ગરુડને ઉરગારીનું સંબોધન કર્યું, કારણ કે ગરુડ ઉરગનું ભક્ષણ કરે છે. ઉરગ એટલે સર્પ! તું ઉરગનો ભક્ષક છે. પરંતુ હું જેમની પાસે જઈ રહ્યો છું, એ મહાકાલ ઉરગના ભક્ષક નથી, પણ એના રક્ષક છે, અને એના ભૂષણ બનાવી બેઠા છે.તો મારા ભાઈ બહેન જેમને દિનતા મિટાવવી હોય, મલિનતા મિટાવવી હોય, દરિદ્રતા મિટાવવી હોય, અને દુઃખ દૂર કરવા હોય, તો મહાકાલના શરણમાં જવું પડશે. આ નવ દિવસમાં આપણા માની આ ચાર વસ્તુ ખતમ થઈ જાય, અને ભગવાન કરે ફરીથી પાછા ફરીએ તો કમ સે કમ ચારમાંથી વધુને વધુ માત્રામાં મુક્ત થઈને આપણે પાછા ફરીએ. ફકીર શબ્દ બહુ મહિમાવંત છે અને આપણે ફકીર કોને કહીશું? લિબાસ તો બાહ્ય પરિચય છે, આસ્થા અને અવસ્થા બંને ભીતરની સંપદા છે, ભૂષડી મહાકાલમાં બહુ સુંદર વાક્ય બોલે છે, કે હું અહીં આવ્યો તો મને કેટલીક સંપ્રદા મળી, અને પછી હું શિવ શંભુની સેવા કરી રહ્યો હતો,કે સંપદા ઓછી હોય ત્યારે જ સેવા થાય છે. સંપતિ વધી જાય ત્યારે સેવા ભુલાઈ જાય છે, પાઠ પારાયણ ભુલાઈ જાય.

નિઝામુદીન ને મળ્યા પહેલા અમીર આ રીતે ભિખારી હતો ૨૭ ૨૭ ઊંટ પર એની સંપદા લાદવામાં આવતી હતી, એ જમાનાનો એ ખૂબ જ અમીર હતો. ખુશરો એની અટક હશે કે પછી નિઝામુદીન ઓલિયાએ તેના માથે હાથ મૂકીને ખુશ રહો એવું કહ્યું હશે. એ અમીર જ્યારે એના પીરના ચરણોમાં ગયો ત્યારે ખરા અર્થમાં અમીર થયો, અને એના પીરને એના બુદ્ધ પુરુષને કેટલો પ્રિય હશે કે એમણે કહ્યું કે ઈસ્લામને કોઈ તકલીફ ન હોય તો મારી બાજુમાં જ અમીરની મજાર કરવી. તો બુદ્ધ પુરુષો પ્રભુ પ્રીતિ વધે અને ગુરુ પદ પ્રીતિ વધે એ માટે પોતાની ગુપ્ત વાત જાહેરમાં કરતા હોય છે.

ગઈકાલે આપણે કાળની ચર્ચા કરી રહ્યા હતાં, તો આપણે ત્યાં એક પ્રાતઃકાળ છે, મધ્યાનકાળ છે, અને એક સંધ્યાકાળ છે. શાસ્ત્ર તો કહે છે કે બધા કાળને નિયંત્રિત કરનારો મહાકાલ છે, જે પ્રત્યેક કાળને નિયંત્રિત કરે, એ જ મહાકાળ છે. નિઝામુદ્દીન ઓલિયાએ અમીરને ખુશ રહો એવું કહ્યું, એટલે કે પ્રસન્ન રહો નાં આશીર્વાદ આપ્યાં. આદીદેવ જગતગુરુ શંકરાચાર્ય પણ કહે છે કે પ્રસન્નતા એ જ મુક્તિનો દરવાજો છે, પરમાત્મા દર્શનનું કોઈ સરળ અને બહુ મોટું દ્વાર હોય તો એ પ્રસન્ન ચિત્ત છે.

બુદ્ધ પુરુષ પોતાના આશ્રિતને પોતાની ગુહ્ય માં ગુહ્ય વાત બતાવી દેતા હોય છે, અને એ જ રીતે બાબા ભુષંડી એ પણ પોતાના આશ્રિત ગરુડ ને પોતાના પૂર્વ જન્મની કથા બતાવી છે અને કહે છે કે પહેલા હું આ હતો. મહાકાલ ના સ્થાન સાથે જોડાયેલ પાંચમી વાત અહીં ભૂત પ્રેત નો વાસ છે. મારે એવું કહેવું જોઈએ કે નહીં? એ મને નથી ખબર! પણ તમે ડરતા નહીં! જોકે કેટકેટલા ડર લઈને ફરતા હોઈએ છીએ! હવે ભૂતથી શું ડરવાનાં!

આપણે કદાચ નિર્ભય છીએ પણ અભયતા તો સદગુરુ શરણમાં રહીને જ પ્રાપ્ત થાય છે. પ્રાર્થનામાં દ્રઢ વિશ્વાસ હોય તો ઈશ્વરને કહો કોઈ પહોંચી ગયેલા સંત ફકીરનું શરણું પ્રાપ્ત થાય. શરણાગતિ સિવાય અભયતા દુર્લભ છે.તો ભૂત પ્રેતનો વાસ હોવાથી આ ક્ષેત્ર ને સ્મશાન કહેવામાં આવે છે, આ મહામસાણ છે.

શિવનું સ્થાન સ્મશાન માનવામાં આવે છે, મદન ભાઈ કહેતા હતા કે બાપુ એક કથા સ્મશાન પર થઈ જાય! કાશી વારાણસીમાં માનસ સ્મશાન ગાઈશું. ઘર મસાન જનુ પરિજન ભૂતા.

તો આપણે ત્રિભુવન શિવલિંગની વાત કરી અને એમાં પણ પૃથ્વી મધ્યે અને બિલકુલ ભારત મધ્ય આવેલા મહાકાલ ના સ્થાનની સાથે જોડાયેલ પાંચ વાતનો ઉલ્લેખ કર્યો તેમ જ ભૂષંડીજી મહાકાળના મંદિરમાં આવ્યા ત્યારે તે દિન મલીન દરિદ્ર અને દુઃખી હતા મહાકાલે એની એ ચારે ચાર વસ્તુ છીનવી લીધી એ વાત પણ કરી. આપણા બોડી ના મધ્ય ભાગમાં નાભી છે, અને શરીરનું જે શાસ્ત્રીય પ્રમાણ છે એમાં શરીરમાં મધ્ય ભાગને નાભી માનવામાં આવે છે, તો પૂજારી છીએ કહ્યા પ્રમાણે મહાકાલનું મંદિર નાભિદેશે સ્થિત છે. આ વાતને થોડો તોતરીય ઉપનિષદનો પણ ટેકો મળે છે. કાલચક્ર પ્રવર્તકો મહાકાલઃ પ્રતાપ. મહાકાલ બહુ પ્રતાપી છે એ બધા જ કાળનું નિયંત્રણ કરે છે.

# ચાતુર્માસ નિરાંતની પળોમાં ધ્યાન સાધના આરોગ્યની કાળજી......



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

સામાન્ય રીતે ચાતુર્માસ ચાર મહિનાનો હોય છે પરંતુ આ વર્ષે ચાતુર્માસની અવધિ પાંચ મહિના ની હશે કારણ કે આ વર્ષે અધિકમાસ હોવાથી ચાતુર્માસ પાંચ મહિનાનો ગણાશે. ચાતુર્માસનો સમય ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુની કૃપા પ્રાપ્ત કરવાનો સુવર્ણ સમય હોય છે. આ સમય દરમિયાન સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં માટે આ સમય દરમિયાન ચાતુર્માસના કેટલાક નિયમોનું પાલન કરવું જરૂરી હોય છે.

અષાઢ મહિનાના શુક્લ પક્ષની એકાદશીની તિથિથી ચાતુર્માસ પ્રારંભ થાય છે. દેવશયની એકાદશીનો પ્રારંભ દેવશયની એકાદશીથી થાય છે. ચાતુર્માસમાં શ્રાવણ, ભાદરવો, આસો અને કારતક મહિનો આવે છે. આ ચાર માસ દરમિયાન ભગવાન વિષ્ણુ પોઢી જાય છે. ત્યારબાદ ભગવાન દેવઉઠી એકાદશીના દિવસે જાગે છે. આ વર્ષે દેવશયની એકાદશી ગત ૨૯ જૂન ૨૦૨૩ના રોજ હતી તેથી આ દિવસથી ચાતુર્માસ શરુ થયેલ.અષાઢી મહિનો હિન્દુ મહિનાનો ચોથો મહિનો છે. આ મહિનાની શુક્લ એકાદશીથી ચતુમાસ શરૂ થાય છે.દેવ અષાઢી એકાદશીના દિવસથી ચાર મહિના સુવે છે. ચાલો જાણીએ ચાતુર્માસની વિશેષતાઓ.ચાતુર્માસ ચાર મહિનાનો સમયગાળો છે.

જે અષાઢ શુક્લ એકાદશીથી શરૂ થાય છે અને કાર્તિક શુક્લ એકાદશી સુધી ચાલુ રહે છે. આ ચાર મહિના શ્રાવણ, ભાદરવા, અશ્વિન અને કાર્તિક છે. આમાં અષાઢના પંદર દિવસ અને કાર્તિકના પંદર દિવસ શામેલ છે. ચાતુર્માસની શરૂઆતને 'દેવશૈની એકાદશી' કહેવામાં આવે છે અને અંતને 'દેવશ્યની એકાદશી' કહેવામાં આવે છે.

ઉપવાસ, તપસ્યા અને સાધનાનો મહિનો છે આ ઈચ્છા મહિનાને વ્રત, ભક્તિ, તપસ્યા



અને સાધનાનો મહિનો માનવામાં આવે છે. આ ઈચ્છતા મહિનાઓમાં, સંતો મુસાફરી કરવાનું બંધ કરે છે અને ફક્ત આશ્રમ, મંદિર અથવા તેમના મુખ્ય સ્થાને રહીને વ્રત અને સાધનાનું પાલન કરે છે. આ દરમિયાન, ફક્ત શારીરિક અને માનસિક સ્થિતિ જ યોગ્ય નથી, પરંતુ વાતાવરણ પણ સારું છે.

આ ચાતુર્માસ દરમ્યાન માંગલિક કાર્ય થતાં નથી આ ચાર મહિનામાં તમામ પ્રકારના શુભ અને શુભ કાર્ય બંધ થઈ જાય છે.ઉપરોક્ત મહિનામાં લગ્ન વિધિ, જાતકર્મના વિધિ, ગૃહ પ્રવેશ વગેરે તમામ શુભ કાર્યો પ્રતિબંધિત માનવામાં આવે છે.

આ નિયમોનું પાલન કરો:આ સમયે ફ્લોર પર સૂવું અને સૂર્યોદય કરતા પહેલા ઉભા થવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. ઉભા થયા પછી, સારું સ્નાન કરો અને મોટાભાગે મૌન રહો. માર્ગ દ્વારા, સાધુઓના નિયમો કડક છે. દિવસમાં માત્ર એક જ વાર ખોરાક લેવો જોઈએ.

આ વ્રતમાં દૂધ, ખાંડ, દહીં, તેલ, રીંગણ, લીલા પાંદડાવાળા શાકભાજી, વેલવાળા ફળ શાક ભાજી અથવા મસાલાવાળા ખોરાક, મીઠાઈઓ, સોપારી, માંસ અને આલ્કોહોલનું સેવન કરવામાં આવતું નથી. શ્રાવણમાં પાલક, લીલોતરી વગેરે પાંદડાવાળા શાકભાજી, ભાદરવામાં દહીં, દૂધ, ડુંગળી, લસણ અને કાર્તિકમાં ખરદ દાળ કા .વામાં આવે છે. ઉપરોક્ત ચાર મહિનામાં, જ્યાં આપણી પાચન શક્તિ નબળી પડે છે, ત્યાં ખોરાક અને પાણીમાં બેક્ટેરિયાની સંખ્યા પણ વધે છે. તેથી જ નિયમોનું પાલન કરવું જરૂરી છે.આ વ્રતનું પાલન કરવાથી શુભ ફળ મળે છે. સોળ સોમવાર ઉપવાસનો મહિનો ઉપરોક્ત ચાતુર્માસ મહિના માટે શાસ્ત્રમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કારણ કે ઉપરોક્ત મહિનાનો પ્રથમ મહિનો સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વ્યક્તિએ આખા મહિના માટે વ્રત રાખવું જોઈએ. એવું નથી કે તેણે ફક્ત સોમવારે જ ઉપવાસ કર્યા અને બાકીનો ઘણો ભાગ ખાધો.

ઉપવાસમાં પણ સાદી ખીચડી રાખવું તેવું નથી અને દિવસ ખૂબ આનંદથી પસાર કરવા. શાસ્ત્રોમાં જે લખ્યું છે તેનું પાલન કરવું જોઈએ. આ આખા મહિનામાં ફક્ત ફળ જ ખાવામાં આવે છે અથવા ફક્ત પાણી પીને સમય પસાર કરવો પડે છે. ઉપરોક્ત ચાર મહિનામાં શું ખાવું તે વિશેની માહિતી નીચે આપવામાં આવી રહી છે.ચાતુર્માસમાં શ્રીહરિ સહિતના તમામ દેવીઓ ચાર મહિના હેડ્સમાં રાજા બલીના સ્થાને યોગ નિદ્રામાં રહે છે.આ દરમિયાન બ્રહ્માંડનું સંચાલન ભગવાન શિવના હાથમાં રહે છે. તેથી શિવની ઉપાસનાનું મહત્વ. ચાતુર્માસની અષાઢી મહિનામાં ભગવાન વિષ્ણુ,સૂર્યદેવ,મંગળદેવ દુર્ગા અને હનુમાનજીની પૂજા કરવાથી ડબલ પરિણામ મળે છે.

અષાઢી મહિનામાં વામન સ્વરુપમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી યોગ્ય ફળ મળે છે. આ મહિનામાં ભગવાન વિષ્ણુની તેમજ જળદેવની પૂજા કરવાથી સંપત્તિની પ્રાપ્તિ સરળ બને છે.મંગળ અને સૂર્યની પૂજા કરવાથી ઉર્જાનું સ્તર એક સરખું જ રહે છે.આ સિવાય દેવી ની પૂજા કરવાથી પણ શુભ ફળ મળે છે. ભગવાન વિષ્ણુના વામન સ્વરૂપ માં પૂજા કરવામાં આવે છે, શ્રાવણ મહિનામાં શિવ અને પાર્વતીની પૂજા કરવામાં આવે છે.

ભાદરવા માસમાં ગણેશ અને શ્રી કૃષ્ણની પૂજા કરવામાં આવે છે. અષાઢી મહિનાના છેલ્લા પાંચ દિવસમાં ભગવાન વામનની પૂજા ને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.આ મહિનામાં આ બંને દેવી- દેવતાઓનો વિશેષ આશીર્વાદ મેળવવા વિશેષ ઉપવાસ,પૂજા કરવી જોઈએ. ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની પૂજાનું મહત્વ નવેમ્બર મહિનાની તેવીસમી તારીખે દેવ ઉઠશે ત્યારે દેવ ઉઠી એકાદશી હોય ત્યારે લક્ષ્મી નારાયણનું મહત્વ અને પૂજા થાય છે.

## ઇનફર્ટિલિટીની સમસ્યા વધી છે

ઇનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઈ રહેલી લાઈફ સ્ટાઈલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઈ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઈફ સ્ટાઈલ, થાઈરોઈડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઈ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવે છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવે છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે.

# ડ્રામા અને હંગામો!

## એન્ડટીવી પર દૂસરી મા, હપ્પુ કી ઉલટન પલટન અને ભાભીજી ઘર પર હૈમાં દર્શકોને અમુક હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળશે

એન્ડટીવી પર દૂસરી માની વાર્તા વિશે યશોદા કહે છે, "કૃષ્ણા (આયુધ ભાનુશાલી) માલતી (અનિતા પ્રધાન)ને પૂછે છે કે અશોક (મોહિત ડાગા)ને કેબિન વેચવાથી રોકવા અને મધ્યસ્થી કરવા માટે દાદાજી (સુનિલ દત્ત)ને કહે છે, પરંતુ માલતી નિ:સહાય છે. આ પછી કૃષ્ણા અને માલતી યશોદા (નેહા જોશી)ને લડત આપવા અને દાદાજીને કોઈ પણ ભોગે કેબિન વેચતાથી રોકવા માટે પ્રોત્સાહન આપે છે. યશોદા વકીલને શોધે છે, પરંતુ તેને તે મળતો નથી. તે તાણમાં આવે છે અને ભાંગી પડે છે ત્યારે રણધીર શર્મા (દર્શન દવે) મદદે આવે છે, જેની મદદ યશોદા નકારે છે. આલોક અશોકને કહે છે કે તેણે પોતાના પરિવારને ત્યજી દેવો જોઈએ અને ભિક્ષા માગવી જોઈએ. માલતી યશોદાને મળે છે અને તેને રણધીરની કેબિનમાં લઈ જાય છે, જ્યાં તે સ્ટે ઓર્ડર પ્રાપ્ત કરવામાં તેમને સહાય કરે છે." એન્ડટીવી પર હપ્પુ કી ઉલટન પલટનની વાર્તા વિશે યોગેશ ત્રિપાઠી કહે છે, "કટોરી અમ્મા (હિમાની શિવપુરી)ને પુરુષના જૂના ફોટોગ્રાફ હાથ લાગે છે.

### ઝી ટીવીના પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિમાં

## અર્જુન બિજલાની સાથેના તેના સંયોજન વિશે ચર્ચા કરતા નિક્કી શર્મા કહે છે

### "અમારી વચ્ચે ખૂબ જ સારી તાલમેલ અને સમજણ વિકસાવી છે, જે કામને ઘણું સરળ બનાવી દે છે"



૨૦૦૪થી દર્શકોના દિલ પર રાજ કર્યા બાદ, પ્રસિદ્ધ કલાકાર નિક્કી શર્મા વધુ એક રસપ્રદ શો- પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિમાં પાછો આવી રહ્યો છે, જેનું પ્રિમિયર ૩જી જુલાઈની ૨૦૨૩ના રોજ થયું હતું અને તે દર સોમવારથી રવિવાર સાંજે ૭.૩૦ વાગે પ્રસારિત થશે. અહીં તે શક્તિના પાત્રમાં તેના પહેલા ક્યારેય નહીં જોવા મળેલા અવતારમાં જોવા મળશે, ત્યારે અભિનેત્રી તેના પાત્ર વિશે કે, શા માટે તે આ પાત્ર કરવા માટે તૈયાર થઈ અને કઈ રીતે તે શો માટે તૈયારી કરી, તે વિશે ચર્ચા કરે છે.

પ્ર. શોની યુએસપી શું છે? શું એવું છે, જે તેને અન્ય શો કરતા અલગ બનાવે છે?

જ. ભગવાન શિવ અને માતા શક્તિ – આ બે એવી શક્તિ છે, જે એકબીજાને પૂર્ણ કરે છે, આ વાર્તામાં આ બંને વચ્ચેની ગતિશિલતાનું આધુનિક અર્થઘટન રજૂ કરવામાં આવ્યું છે. તેનું સેટિંગ સમકાલિન છે અને તે ભારતના આધ્યાત્મિક પાટનગરની પાશ્ચાદભૂ પર આધારીત છે અને તે તમારી સમક્ષ એક યુવા મહિલા શક્તિને રજૂ કરી છે, જેના જીવનનો એક જ સૂત્ર છે, તૂટેલી વસ્તુ સુધારી શકાય છે અને તેને છોડવી જોઈએ નહીં. આ જ મંત્રની સાથે જોડાયેલી રહીને, આ પ્રેમકથામાં તે તૂટેલા શિવને મદદ કરે છે, તેના જીવનની ઘટનાઓના દુ:ખદ વણાંકથી બરબાદ થઈ જાય છે, પણ પ્રેમની શક્તિથી ધીમે-ધીમે સાજો થાય છે. અમને આશા છે કે, દર્શકો પણ અમારા શોની સાથે જોડાશે અને અમારા પર તેમનો પ્રેમ અને સહકાર વરસાવશે!

### સાવલી - ડેસર તાલુકાની શાળા કોલેજોમાં

# ૪૨૫થી વધુ વિદ્યાર્થીઓને કારકિર્દી તેમજ વિદેશમાં રોજગાર અંગે અપાયું માર્ગદર્શન





। વડોદરા, તા.૭ ।

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, વડોદરા દ્વારા સાવલી, ડેસર તાલુકાની વોકેશનલ તથા કેરિયર કોર્નર શાળા, કોલેજમાં કેરિયર ગાઈડન્સ ટોક અને સેમિનાર યોજાયો હતો.

સાવલીની શ્રી બી.કે. પટેલ આર્ટસ અને શ્રીમતી એલ.એમ.પટેલ કોમર્સ કોલેજ તેમજ સરકારી માધ્યમિક શાળા, તાડિયાપુરા તેમજ એમ.કે. હાઈસ્કૂલ, ડેસર ખાતે રોજગાર અધિકારીશ્રી અલ્પેશ એલ.ચૌહાણ તથા ઈમ્પેક્ષ બી કાઉન્સિલર જીજ્ઞેશ વાઘેલા, ઓવર્સિસ કાઉન્સિલર નિશાંત જોશીએ રુબરુ મુલાકાત લઈ ૪૨૫ થી વધારે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને રોજગાર કચેરીની સેવાઓ તેમજ વોકેશનલ કેરિયર તેમજ વિદેશમાં રોજગાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

અત્રે ઉલ્લેખનીય છે કે મદદનીશ નિયામક (રોજગાર) કચેરી (મોડેલ કેરીઅર સેન્ટર) વડોદરા દ્વારા જિલ્લાના વિદ્યાર્થીઓ, ઉમેદવારોને કચેરી તેમજ શાળા, કોલેજ, આઈ.ટી.આઈ માં જઈને લશ્કરી ભરતી પૂર્વેની નિવાસી તાલીમ યોજના તેમજ વિદેશ ગમન માટે સેફ લીગલ માઈગ્રેશન, વોકેશનલ ગાઈડન્સ અને કેરિયર કોર્નર યોજનના સહિત અનુબંધમ રોજગારલક્ષી પોર્ટલ જેવી રોજગારલક્ષી કારકિર્દીને લગતી માહિતી સેમિનાર, ટોક દ્વારા આપવામાં આવી રહી છે.

### આદેશ ચૌધરી મૈત્રીના કાસ્ટમાં તે જોડાવાની સાથે તે કહે છે

## "હું લગભગ એક દાયકા બાદ શ્રેણુ પરિખની સાથે ફરીથી જોડાતા ખુશ છું"



ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક શો – મૈત્રીમાં મૈત્રી (શ્રેણુ પરિખ) અને નંદિની (ભાવિકા ચૌધરી)ના પ્રવાસને દર્શાવવામાં આવ્યો છે, જે એકબીજાની ખાસ સહેલીમાંથી દુશ્મન બની ગઈ છે. આ શોમાં તાજેતરમાં જ એક નાનકડો ૬ મહિનાનો લીપ જોવા મળ્યો છે. જ્યાં દર્શકોએ જોયું કે, તેનો પ્રથમ પતિ- સારાંશ (પાત્ર કરી રહ્યો છે, કૃણાલ કરણ કપૂર) જેને બધા મૃત સમજતા હતા, તે તેના જીવનમાં તોફાન મચાવવા પરત ફરી રહ્યો છે. ધીમે-ધીમે તે મૈત્રી અને હર્ષ (સમર્થ જુરેલ)ના બાળકને દૂર કરીને હવે તેને ગાયબ કરી દીધો છે, જેનાથી મૈત્રી અને હર્ષ અલગ થઈ ગયા છે. તાજેતરમાં શોમાં ૭ વર્ષનું લીપ આવ્યું છે, જ્યાં દર્શકો જોશે કે, મૈત્રી તેની શેરીમાં મળેલા એક બાળકને દત્તક લઈને તેના જીવનમાં આગળ વધી છે.

લીપ બાદ, દર્શકો પ્રસિદ્ધ અભિનેતા આદેશ ચૌધરીને પ્રવેશતા જોશે, તે યશ ઠાકુરનું પાત્ર કરતો જોવા મળશે અને મૈત્રીએ હાલમાં તેના બાળકની સાથે યશની સાથે જ રહે છે.

# ટાટા ટિયેગોએ ૫ લાખ યુનિટ્સની નોંધપાત્ર વેચાણ સિદ્ધિ પાર કરી




। મુંબઈ, તા.૭ ।

ભારતની અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદક ટાટા મોટર્સ દ્વારા આજે એવી ઘોષણા કરાઈ કે ટિયેગોએ ૫,૦૦,૦૦૦ વેચાણના આંકની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. પ્રથમ ૧ લાખ યુનિટ્સ ૧૫ મહિનામાં વેચાયા હતા, જે ગતિશીલ અને આરામદાયક ડ્રાઈવિંગ અનુભવ ચાહતા ગ્રાહકોની વધતી જરૂરનો સંકેત આપે છે. ટિયેગો માટે હોમ ગ્રાઉન્ડ ગુજરાતમાં સાણંદ એકમ ખાતે પ્રતિકાત્મક રોલ-આઉટ સાથે ઉજવણી શરૂ થઈ હતી.

વર્ષોનાં વહાણાં વીતવા સાથે ટિયેગોએ ૪૦ પ્રતિષ્ઠિત એવોર્ડસ જીત્યા છે અને તેની આકર્ષક ડિઝાઈન, અપવાદાત્મક સુરક્ષાની વિશિષ્ટતાઓ, ફીચર સમૃદ્ધ ઈન્ટીરિયર અને અત્યાધુનિક ટેકનોલોજી ઈન્ટીગ્રેશનને લીધે સેંકડો યુવા અને ગતિશીલ ગ્રાહકોમાં ભરપૂર લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. ટિયેગો રેન્જ પેટ્રોલ, સીએનજી અને ઈલેક્ટ્રિકના ઘણા બધા પાવરટ્રેન વિકલ્પોમાં આવે છે. ઉપરાંત ટિયેગો એનઆરજી ઓફફ-રોડિંગ ક્ષમતાઓ સાથે એસયુવી પ્રેરિત ડિઝાઈનમાં આવે છે, જે પેટ્રોલ અને સીએનજી વિકલ્પોમાં પણ ઉપલબ્ધ છે. ટિયેગોના નેટ પ્રમોટર સ્કોરને ૫૧નું સર્વોચ્ચ રેટિંગ મળ્યું છે, જે બ્રાન્ડની સફળતાનો સ્પષ્ટ દાખલો છે.

આ સિદ્ધિ વિશે બોલતાં ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિ.ના માર્કેટિંગના હેડ શ્રી વિનય પંતે જણાવ્યું હતું કે, "ટિયેગોએ તેના આરંભથી અમારી ન્યૂ ફોરેવર રેન્જની લોકપ્રિયતા વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.ટિયેગોએ ઈચ્છનીય ગ્રાહકોને ઉત્તમ સ્ટાઈલિંગ, બેજોડ સુરક્ષાનાં ધોરણો, અત્યાધુનિક ટેકનોલોજી ઓફર કરીને અપેક્ષાઓને સતત પાર કરી છે, જેને લઈ હેચ સેગમેન્ટની ક્ષિતિકમાં નવો આકાર આપ્યો છે. ૫,૦૦,૦૦૦ના વેચાણના આંકની યાદગાર સિદ્ધિ પાર કરી તે ઉત્કૃષ્ટતા માટે ટાટા મોટર્સની એકધારી કટિબદ્ધતાનો મજબૂત દાખલો છે. અમે અમારા માનવંતા ગ્રાહકોનો તેમની એકધારી રુચિ માટે મન:પૂર્વક આભાર માનીએ છીએ. અમને ખાતરી છે કે ટિયેગો ન્યૂ ફોરેવર રેન્જની સફળતા અને સેગમેન્ટની વૃદ્ધિ માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે."

# કેનેરા રોબેકોએ ઇક્વિટી તકોને અનલોક કરવા માટે 'કેનેરા રોબેકો મલ્ટી કેપ ફંડ' લોન્ચ કર્યું

। મુંબઈ, તા.૭ ।

ભારતના બીજા સૌથી જૂના મ્યુચ્યુઅલ ફંડ કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડે આજે કેનેરા રોબેકો મલ્ટી કેપ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જે એક ઉકેલ છે જે રોકાણકારોને ઈક્વિટી બજારોની મજબૂતીનો લાભ મેળવવાની મંજૂરી આપે છે અને તેનું લક્ષ્ય લાંબા સમય સુધી જનરેટ કરવાનું છે જેમકે લાર્જ, મિડ અને સ્મોલ કેપ શેરોમાં વૈવિધ્યસભર રોકાણ દ્વારા.

નવી ફંડ ઓફર વિવિધ માર્કેટ કેપિટલાઈઝેશનની કંપનીઓમાં રોકાણ કરે છે. જ્યારે પોર્ટફોલિયોનું સક્રિય સંચાલન સારી કામગીરીનું સર્જન કરવામાં મદદ કરી શકે છે, અને વૈવિધ્યકરણ સમગ્ર પોર્ટફોલિયોના જોખમને ઘટાડવામાં મદદ કરશે.

કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડના સીઈઓ શ્રી રજનીશ નરુલાએ જણાવ્યું હતું કે, "કેનેરા રોબેકો મલ્ટી કેપ ફંડ રોકાણના એકસાથે અને SIP મોડ બંને દ્વારા લાંબા ગાળાની સંપત્તિ સર્જન માટેની સારી તકો પૈકીની એક બની શકે છે. મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો કે જેઓ રિસ્ક અને રિવોર્ડ વચ્ચે સારું સંતુલન શોધી રહ્યા છે અને વિવિધ માર્ગો દ્વારા રોકાણ કરવા માટે તૈયાર છે. ૫ વર્ષ કે તેથી વધુ સમયની સમયમર્યાદા સાથેના બજાર ચક્રો ભારતની વૃદ્ધિનો લાભ મેળવી શકે છે, કારણ કે સમગ્ર માર્કેટ કેપની કંપનીઓ આ વધારાની તકનો લાભ લેવા તૈયાર છે.

BOLLYWOOD NEWS FLASH

### સામંથા આરોગ્યના કારણોસર લઈ રહી છે બ્રેક, માયોસિટિસથી સંપૂર્ણ રીતે સાજી થયા પછી ફરશે પરત




। મુંબઈ, તા.૭ ।

સામંથા રૂથ પ્રભુની છેલ્લી ૨ ફિલ્મો બોક્સઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. તેની ફિલ્મો યશોદા અને શાકુંતલમ્ બંને મહિલાપ્રધાન ફિલ્મ્સ હતી. તેમ છતાં બંને ફ્લોપ ગઈ હતી. જોકે, અત્યારે સામંથા વરૂણ ધવનની સાથે વેબ સિરીઝ સિટાડેલના શૂટિંગમાં વ્યસ્ત છે. તેવામાં સમાચાર એવા સામે આવી રહ્યા છે કે, અભિનેત્રી સિટાડેલના શૂટિંગ પછી એક્ટિંગ કરિયરથી એક વર્ષનો બ્રેક લેવાની છે. રિપોર્ટ્સના મતે, સામંથાએ આ નિર્ણય પોતાની ઑટો ઈમ્યન બિમારી માયોસિટિસના કારણે લીધો છે. હવે તે સૌથી પહેલા સ્વાસ્થ્ય પર ધ્યાન આપવા માગે છે. અભિનેત્રીએ આ બ્રેક માટે તૈયારી પણ શરૂ કરી દીધી. સાથે જ તે હવે જલ્દી જલ્દી પોતાનું શૂટિંગ પૂરું કરવામાં લાગી ગઈ છે. એટલું જ નહીં સામંથાએ ઘણા પ્રોડ્યુસર્સનું એડવાન્સ પેમેન્ટ પણ પાછું આપી દીધું છે. સામંથા રૂથ પ્રભુ પાસે અત્યારે સિટાડેલની સાથે તેલુગુ ફિલ્મ કુશી પણ છે. અભિનેત્રીનું અત્યારે સંપૂર્ણ ધ્યાન આ બંને પ્રોજેક્ટ્સને પૂરા કરવા પર છે. કુશી ફિલ્મમાં સામંથાની સાથે વિજય દેવરકોંડા લીડ રોલમાં છે. રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, સામંથા સ્વસ્થ થવા માટે એક વર્ષના લાંબા બ્રેક પર જતી રહેશે અને માયોસિટિસની સારવાર પર ધ્યાન આપશે. થોડા દિવસ પહેલાં જ સામંથાના બોલીવુડ ડેબ્યૂને લઈને ઘણી ચર્ચા ચાલી રહી હતી, પરંતુ અત્યારે હવે અભિનેત્રીએ એક પણ નવા પ્રોજેક્ટને હાથમાં નથી લીધો. એટલું જ નહીં તેણે તો ફિલ્મમેકર્સે આપેલા એડવાન્સ પૈસા પણ પરત આપી દીધા છે.



## ક્રિતી પોતાના બેનર હેઠળ કાજોલ સાથે ફિલ્મ બનાવી રહી છે

। મુંબઈ, તા.૭ ।

મંગળવારે બોલિવુડ એક્ટ્રેસ ક્રિતી સેનનને ફિલ્મ પ્રોડક્શનમાં ઝંપલાવી રહી હોવાની જાહેરાત કરી હતી. ક્રિતી સેનને પોતાના પ્રોડક્શન બેનર બ્લૂ બટરફ્લાય ફિલ્મ્સની જાહેરાત કરી છે. આ નવી પ્રોડક્શન કંપની દ્વારા ક્રિતી સેનન એવી વાર્તાઓ કહેવાનો પ્રયાસ કરવાની છે જે લોકોના હૃદયને સ્પર્શ કરશે. ક્રિતી સેનને પોતાના નવા વેન્ચરની જાહેરાત કરતાં જ ફેન્સ તેનું સ્વર્ગસ્થ એક્ટર સુશાંત સિંહ રાજપૂત સાથેનું કનેક્શન શોધી નાખ્યું છે. સોશિયલ મીડિયા પર લોકો સુશાંતની જૂની પોસ્ટ શેર કરી રહ્યા છે. સુશાંત સિંહ રાજપૂત અને ક્રિતી સેનને 'રાબતા' ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. ફેન્સનું માનવું છે કે, ક્રિતીએ સુશાંતને શ્રદ્ધાંજલી આપતાં જ પ્રોડક્શન બેનરનું નામ બ્લૂ બટરફ્લાય પસંદ કર્યું છે. સુશાંત સિંહ રાજપૂતે બ્લૂ બટરફ્લાય ઈમોજીનું મહત્વ સમજવતી એક પોસ્ટ કરી હતી, જેનો સ્ક્રીનશોટ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. એક યુવતીએ સુશાંતને પૂછ્યું હતું કે, તે શા માટે બ્લૂ બટરફ્લાય ઈમોટિકનનો ઉપયોગ કરે છે? જવાબમાં સ્વર્ગસ્થ એક્ટરે કહ્યું હતું.

### એક્ટ્રેસમાંથી સ્પોર્ટ્સ રિપ્રેઝન્ટેટર બનેલી મંદિરા બેલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક લાંબી નોટ શેર કરી હતી

## મુંબઈ એરપોર્ટ પર અપાતી સર્વિસથી જરાય ખુશ નથી મંદિરા બેદી



। મુંબઈ, તા.૭ ।

મંદિરા બેદી હાલમાં જ બંને બાળકો સાથે ત્રણ દેશમાં સમર વેકેશન માટે ગઈ હતી. વેકેશન સ્પોટ માટે તેણે જીનિવા, ડેનમાર્ક અને ગ્રીસ પસંદ કર્યું હતું. લાંબા વેકેશન બાદ ઘરે પરત ફરી વખતે તેણે મુંબઈ એરપોર્ટ પર ખૂબ જ ખરાબ સર્વિસનો સામનો કરવો પડ્યો હતો. જ્યાં તેણે અલગ-અલગ કન્વેયર બેલ્ટ પર ટ્રિપ દરમિયાન લઈ ગયેલી દરેક બેગની શોધખોળ કરવી પડી હતી. એક્ટ્રેસમાંથી સ્પોર્ટ્સ રિપ્રેઝન્ટેટર બનેલી મંદિરા બેલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક લાંબી નોટ શેર કરી હતી અને મંગળવારે સવારે જ્યારે તેની ફ્લાઈટ મુંબઈમાં લેન્ડ થઈ ત્યારે તેણે કેટલી અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો તે વિશે લખ્યું હતું. તેણે સામાન વિશે કોઈ જ માહિતી આપવામાં આવી નહોતી અને તેના કારણે મુસાફરોએ લાચારી અનુભવી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. મંદિરા બેદીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું કે 'તો બે અઠવાડિયા, ત્રણ દેશ અને છ એરપોર્ટ બાદ. મારા બાળકો અને મને મુંબઈના ટર્મિનલ ૨ પર કડવો અનુભવ થયો હતો. સ્ક્રીન પર અથવા કન્વેયર બેલ્ટ પર આવી રહેલી એક પણ ફ્લાઈટ વિશેની માહિતી ડિસ્પ્લે કરવામાં આવી નહોતી. લાચાર મુસાફરોને ખબર નહોતી પડતી કે તેઓ ક્યાં જાય'. પોતાના સામાન વિશે આગળ તેણે લખ્યું હતું કે 'ત્રણ બેલ્ટ મિસ કર્યા બાદ અને એક કલાક સુધી અહીંયા ત્યાં પૂછપરછ કર્યા બાદ મેં એક બેલ્ટ મારી એક બેગને એકલી પડેલી જોઈ હતી.

### અહેવાલો કહે છે કે બીજી ભારતીય ફિલ્મ છે જે આદિપુરુષને હરાવવા માટે તૈયાર છે અને તેમાં પ્રભાસ પણ છે

## ૬૦૦ કરોડની આદિપુરુષ કરતાં પણ મોંઘી થશે Project K

। મુંબઈ, તા.૭ ।

ગયા વર્ષે ૫૫૦ કરોડની RRRને સૌથી મોંઘી ફિલ્મ કહેવામાં આવી રહી હતી અને પછી મણિ રત્નમની પીએસ. આ દિવસોમાં પ્રભાસની વિવાદાસ્પદ ફિલ્મ આદિપુરુષે પણ બજેટ સાથે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ હવે, અહેવાલો કહે છે કે બીજી ભારતીય ફિલ્મ છે જે આદિપુરુષને હરાવવા માટે તૈયાર છે અને તેમાં પ્રભાસ પણ છે. વાસ્તવમાં, અમે અહીં નાગ અશ્વિનની આગામી ફિલ્મ પ્રોજેક્ટ વિશે વાત કરી રહ્યા છીએ. આ ફિલ્મમાં પ્રભાસ, દીપિકા પાદુકોણ, અમિતાભ બચ્ચન અને દિશા પટણી છે. હવે તેમાં કમલ હાસન પણ જોડાઈ ગયા છે, જે વિલનની ભૂમિકામાં જોવા મળશે. કમલ હાસનના સમાવેશ સાથે, તે સૌથી મોટી અને સૌથી વધુ રાહ જોવાતી ભારતીય ફિલ્મ બની ગઈ છે. એવી અફવાઓ પણ છે કે મલયાલમ સ્ટાર દુલકર સલમાન પણ આ ફિલ્મનો એક ભાગ છે. કેટલાક અહેવાલો કહે છે કે કલાકારોના મહેનતાણા અને મોટા VFX કામ સાથે, ફિલ્મનું બજેટ રૂ. ૬૦૦ કરોડને વટાવી જશે, જે દલીલપૂર્વક તેને અત્યાર સુધીની સૌથી મોટી ભારતીય ફિલ્મ બનાવશે. બહુવિધ અહેવાલો અને ઉદ્યોગ સ્રોતો અનુસાર, આ પ્રોજેક્ટ ડ્યુન ઑફ ધ વેસ્ટ અથવા ધ હંગર ગેમ્સના ઘાટમાં એક ડાયસ્ટોપિયન ભવિષ્યવાદી સાય-ફાઈ એપિક છે. આનો અર્થ એ છે કે તેમાં વિશાળ એક્શન સેટ પીસ, વ્યાપક VFX અને CGI વર્ક છે. ટ્રેડ એનાલિસ્ટ મનોબાલા વિજયબાલયને તાજેતરમાં જ ટ્વીટ કર્યું હતું કે એકલા ફિલ્મની પ્રોડક્શન કોસ્ટ લગભગ ૪૦૦ કરોડ રૂપિયા છે, જે આજ સુધીની કોઈપણ ભારતીય ફિલ્મ કરતાં વધુ છે. જેમાં સ્ટાર કાસ્ટનો જંગી પગાર અને ખર્ચ ૬૦૦ કરોડ રૂપિયા સુધી વધી જાય છે. આંતરિક સૂત્રોનું કહેવું છે કે પ્રોડક્શનથી લઈને રિલીઝ પછી સુધી, પ્રમોશન અને માર્કેટિંગ ખર્ચ પણ હશે, જેનો અર્થ છે કે ઉતરાણ ખર્ચ સરળતાથી રૂ. ૭૦૦ કરોડને પાર કરી શકે છે, જે ભારતીય સિનેમાના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. પ્રોજેક્ટ K ના બજેટનો નોંધપાત્ર હિસ્સો તેની સ્ટાર કાસ્ટના પગારમાંથી આવે છે. અહેવાલો અનુસાર, પ્રભાસ તેનો મોટો હિસ્સો ઘરે લઈ રહ્યો છે.



# પશુપાલન મહાવિદ્યાલય, આણંદ ખાતે વિશ્વ ઝુનોસીસ દિવસ અંતર્ગત કેમ્પ યોજાયો

## શ્વાનને હડકવા વિરોધી રસી તથા કૃમિનાશક દવા આપવામાં આવી

| મનીષ પ્રજાપતિ આણંદ, તા.૭ |

સમગ્ર વિશ્વમાં વિશ્વ ઝુનોસીસ દિવસ તરીકે ઓળખાતા ૬ જુલાઈના દિવસ અન્વયે આણંદ જિલ્લામાં ઝુનોટીક રોગોને અટકાવવા અને તે અંગે જાગરૂકતા ફેલાવવા માટે એક કેમ્પનું અયોજન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, આણંદ અંતર્ગત પશુચિકિત્સા સારવાર સંકુલ (વીસીસી, ઝવેરી હોસ્પિટલ) ખાતે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં કુલ ૧૦૯ જેટલા શ્વાન અને બે બિલાડીઓંને વિના મૂલ્યે હડકવા વિરોધી રસી **(Anti-Rabies Vaccination)** અને કૃમિનાશક (ડિવોર્મીંગ) દવાઓ આપવામાં આવી હતી. તે ઉપરાંત તમામ શ્વાન અને બિલાડીઓનું સામન્ય તબીબી પરિક્ષણ કરી, સાંધાનું નિદાન-સારવાર આપીને મલ્ટી વિટામીનનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. પેટ( પાલતું શ્વાન અન બિલાડી) ધરાવતાં લોકોને વિવિધ ઝુનોટીક રોગો (પ્રતિસંચારિત રોગો) વિષે માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પોલીસ વિભાગના કુલ ૪૫ શ્વાનને હડકવા વિરોધી રસી તથા કૃમિનાશક દવા આપવાની સાથે તમામ શ્વાનના લોહીના નમુના લઈને યોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું. વેટરનરી ક્લીનીકલ કોમ્પ્લેક્ષના વડા




ડૉ. કમલેશ. કે. હડિયા દ્વારા વિશ્વ ઝુનોસીસ દિવસની આ વર્ષની થીમ **(the urgency of breaking the chain of zoonotic transmission to prevent future pandemics like COVID-19)** હેઠળ ઝુનોટીક રોગોને અટકાવવા માટે કેવા પગલા લઈ શકાય તે અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં વેટરનરી સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. પી.એચ. ટાંક, ગાયનેકોલોજી પ્રાધ્યાપક અને વડા ડૉ. એમ.ટી.પંચાલ, સર્જરી વિભાગના વડા અને પ્રાધ્યાપક પી.વી. પરીખ, મેડીસીન વિભાગથી મદદનીશ પ્રાધ્યાપક ડૉ. નેહા રાવ, વિવિધ વિભાગના મદદનીશ પ્રાધ્યાપકો સહિત અનુસ્નાતક અને સ્નાતક વર્ગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ઝાલોદના સાંપોઇ મુકામે સર્જાયેલ અકસ્માતમાં સારવાર દરમ્યાન યુવકનું મોત : કુલ ત્રણ યુવકોના મૃત્યુ થયા

## દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન યુવકનું મોત થતાં પરિવારજનો મા માતમ છવાયો

પંકજ પંડિત

| ઝાલોદ, તા.૭ |

મિત્રના જન્મ દિવસની ઉજવણી કરવા ઈનોવા ગાડીમાં સવાર પાંચ યુવાઓનુ સાંપોઈ ગામે ગાડી પલ્ટી ખાઈ જવાથી ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ ગાડીમાં સવાર પાંચ યુવાનો પૈકી બે નું અકસ્માત થયેલ દિવસે જ મોત થયેલ હતું, ત્યાંર બાદ દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર લેતા કલ્પેશ કોળીના પુત્ર દેવનું મોત થવા પામેલ છે. દેવનું મોત થતાં તેના પરિવારજનો અને મિત્ર વર્તુળમાં માતમ છવાઈ ગયો હતો. પરિવારના લાડકવાયા દીકરાનું મોત થતાં પરિવારના



આક્રંદ થી વાતાવરણ ગમગીન બની ગયું હતું. મૃતક દેવ કોળીનું મૃતદેહ સહુ પ્રથમ ઝાલોદ મુકામે લાવી ત્યારબાદ તેના પૈત્રુક નિવાસ રણિયાર મુકામે પરિવાર દ્વારા ભારે હૈયે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સહુ પરિવારજનો અને સગા સંબંધીઓ દ્વારા ભારે હૈયે તેને અંતિમ વિદાય આપી હતી.

# સાણંદના ગ્રામ્ય વિસ્તારો સુધી બેંક સેવાઓ પહોચાડવામાં સેતુરૂપ બન્યાં 'બેંક મિત્ર' પ્રવીણભાઈ

## મેલાસણા ગામે કાર્યરત 'ગ્રાહક સેવા કેન્દ્ર' થકી ગામલોકોને તમામ બેક્કિંગ સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે



આધુનિક સમયમાં દરેક ક્ષેત્રના વિકાસ માટે નાણાકીય સુવિધાઓની ઉપલબ્ધતા પ્રાથમિક જરૂરિયાત બની છે. ગ્રામ્ય વિસ્તારોને ખરાં અર્થમાં આત્મનિર્ભર બનાવીને તેમને વિકાસની મુખ્યધારામાં લાવવા માટે તેમને પૂરતી અને યોગ્ય નાણાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જરૂરી બની છે. ગ્રામ્ય વિસ્તારોમાં નાણાકીય સુવિધાઓ અને સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા માટે 'બેંકમિત્રો' આજે સેતુરૂપ સાબિત થઈ રહ્યાં છે.

પ્રવિણભાઈ સાણંદના આવા જ એક બેંકમિત્ર છે, જે બેંક ઓફ ઈન્ડીયા, સાણંદ શાખા સાથે બેંકમિત્ર તરીકે જોડાયેલા છે. સાણંદ તાલુકાના મેલાસણા ગામે 'ગ્રાહક સેવા કેન્દ્ર' ધરાવતાં પ્રવિણભાઈ આસપાસના ૧૦ થી ૧૨ ગામોના નાગરિકોને બેક્કિંગ સુવિધાઓ પૂરી પાડે છે.

પોતાના 'ગ્રાહક સેવા કેન્દ્ર' દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અને કામગીરીની પદ્ધતિ અંગે પ્રવીણભાઈ જણાવે છે કે, વર્ષ ૨૦૧૬ થી હું બેંક ઓફ ઈન્ડીયા સાથે બેંકમિત્ર તરીકે જોડાઈને મારું આ 'ગ્રાહક સેવા કેન્દ્ર' ચલાવું છું. અમારા કેન્દ્ર થકી અમે આજુબાજુના ૧૦ થી ૧૨ ગામોના નાગરિકોને બેક્કિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવીએ છીએ. જેના લીધે મેલાસણા, મખીયાવ,પાવા, લીલાપુર ઝોલાપુર, હીરાપુર, માણકોલ, હઠીપુરા, ચરલ, કુંડળ, બકરાણા જેવા ગામોના લોકોને બેંક સુધી જવું પડતું નથી તથા બેક્કિંગ સુવિધાઓ વિશે વધારે ખ્યાલ ના હોય તો પણ તેમના લેવડદેવડના કામો થઈ શકે છે. આમ, ગ્રામ્ય વિસ્તારોમાં બેક્કિંગ સેવાઓ સહિત **PMJJY, PMSBY,** અટલ પેન્શન જેવી સરકારની યોજનાઓના લાભો ઉપલબ્ધ કરાવીને બેંકને ગામ સુધી લઈ જઈ શકવાનો સંતોષ છે. વધુમાં વાત કરતાં પ્રવીણભાઈ જણાવે છે કે, અમારે ત્યાં બચત ખાતા, કરંટ ખાતા, જનધન ખાતા, રોકડ લેવડ-દેવડ, ચેક ટ્રાન્ઝેક્શન, પાસબુક પ્રિન્ટિંગ, ખાતા સાથે મોબાઈલ અને આધાર લિંક, બિલ કલેક્શન, લોન સહાયતા અંગે અરજી અને માર્ગદર્શન સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. નાણાકીય સુવિધાઓ, સરકારી યોજનાઓના લાભો અને અન્ય માર્ગદર્શન પૂરા પાડવામાં ગ્રાહકો પાસેથી કોઈ જ ચાર્જ વસૂલવામાં આવતો નથી. દરેક ગ્રાહકની કામગીરી આધારકાર્ડ અને ફિંગરપ્રિન્ટના માધ્યમથી કરવામાં આવે છે. અમને દરેક કામગીરી માટે બેંક તરફથી કમિશન મળતું હોય છે. રાજ્યમાં ગામડાંના લોકો સુધી સરકારી યોજનાઓના લાભો પહોચાડવામાં 'બેંક મિત્રો'નો મહત્વનો ફાળો રહેલો છે.

પ્રવીણભાઈની બેંક મિત્ર તરીકેની સેવાઓ વિશે મખિયાવ ગામના લાભાર્થી એવા હરિભાઈએ જણાવ્યું હતું કે, બેંક મિત્ર તરીકે પ્રવીણભાઈ ખૂબ જ નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી રહ્યાં છે. ગામડાંના ખેડૂતો તથા અભણ માણસોને પણ એકદમ સરળતાથી, પ્રેમભાવપૂર્વક તેમને સમજાય તે રીતે તેમની ભાષામાં બેક્કિંગ સેવાઓ બાબતે સમજાવે છે. મખિયાવ ગામના લાભાર્થી મિતસિંહ જણાવે છે કે, મારી પોતાની સંસ્થાનું ખાતું મેં અહીંયા ખોલાવ્યું છે અને અહીંયા તમામ લેવડ દેવડ સરળતાથી થઈ જાય છે. જરૂરી ફોર્મ ભરવા, ચેક ભરવા કે અન્ય નાણાકીય બાબતોમાં અમારા બેંક મિત્ર એવા પ્રવીણભાઈનો ખુબ સારો સહકાર મળે છે. જેના લીધે અમારા વિસ્તારના લોકોને નાણાકીય કાર્યો અને સરકારી યોજનાઓના લાભ મેળવવા માટે ૧૮ થી ૨૦ કિલોમીટર દૂર આવેલી બેંકની સાણંદ બ્રાન્ચમાં જવું પડતું નથી.

અત્રે નોંધનીય છે કે, નાણાકીય ક્ષેત્રે આજે બેંકમિત્રો નાણાકીય સુવિધાઓ અને સરકારી યોજનાઓને અંતરિયાળ ગામડાઓ અને છેવાડાના લાભાર્થી સુધી પહોંચાડવામાં મહત્વનું માધ્યમ બન્યા છે.

### જિલ્લા વિકાસ અધિકારીશ્રીની આગેવાનીમાં

# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫,૦૦૦ વૃક્ષ વાવવાના અભિયાનનો શુભારંભ કરાયો



| ગાંધીનગર, તા.૭ |

''આઝાદી કા અમૃત મહોત્સવ''ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની તમામ શાળાઓમાં ૭૫,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર બાળકો દ્વારા કરવામાં આવે અને તેનો ઉછેર પણ કરવામાં આવે, તેવું આહવાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી રોહિતભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું, જેની શુભ શરૂઆત આજ રોજ સાણંદ તાલુકાની શેલા પ્રાથમિક શાળાના પટાંગણમાંથી કરવામાં આવી, જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શેલા પ્રાથમિક શાળામાં બાળકોની કોડિંગના શિક્ષણને ધ્યાને રાખીને આધુનિક ટેકનોલોજીથી ભરપૂર નવી રોબોટિક લેબનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું. અવસર ફાઉન્ડેશનના સહયોગથી આ રોબોટિક લેબ તૈયાર કરવામાં આવી છે.

શેલા પ્રાથમિક શાળાના બાળકોનો સર્વાંગી વિકાસ થાય, નવી શિક્ષણનીતિના ધ્યેયો સિદ્ધ કરી બાળક શિક્ષણમાં રસ લેતો થાય તેવા શુભ આશયથી અવસર ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવેલા દાન માટે શેલા શાળા પરિવારે ખૂબ આભાર પણ વ્યક્ત કરેલ.

જિલ્લા પંચાયત સદસ્યશ્રી વતી સચિનભાઈ





ઠાકોર, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીશ્રી તેજસભાઈ અમીન, શેલા ગામના સરપંચશ્રી શેરબાનુ નૌશાદ આલમ સાથે સાણંદ એજ્યુકેશન ટીમ તેમજ અવસર ફાઉન્ડેશનની ટીમ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. અવસર ફાઉન્ડેશન દ્વારા શેલામાં બનાવેલ કોમ્પ્યુટર લેબ અને લાઈબ્રેરીના લોકાર્પણ પ્રસંગે આઈ.પી.એસ.શ્રી ભરતભાઈ રાઠોડ, અવસર ફાઉન્ડેશનના ફાઉન્ડર શ્રી આનંદ ચતુર્વેદી, શ્રી દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ સાથે તેમની સમગ્ર ટીમ પણ ઉપસ્થિત રહી હતી.

# ગુજરાતના આતિથ્યને બિરદાવતા વિદેશી મહેમાનો

## 'અમને ફરીથી આવવું ગમશે- યાદગાર સ્વાગત- ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર સમૃધ્ધ છે...' મહેમાનોના પ્રતિભાવો



| અમદાવાદ, તા.૭ |

ગુજરાતમાં છેલ્લાં કેટલાક સમયથી **G-20** અંતર્ગત બેઠકો યોજાઈ રહી છે. હાલ બે દિવસ **U-20** અંતર્ગત મેયર પરિષદ યોજાઈ છે. અમદાવાદ મહાનગર પાલિકાના અધ્યક્ષ પદે યોજાયેલી 'મેયર પરિષદ'માં સહભાગી થવા દેશ-વિદેશમાંથી મહેમાનો અમદાવાદ આવી પહોંચ્યા છે. અમદાવાદ વિમાની મથકે તેમનું ઉષ્માસભર સ્વાગત કરાયું હતું. અમદાવાદ વિમાની મથકે રાજ્ય તંત્ર અને અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સ્વાગત કક્ષ બનાવીને મહેમાનોનું રાસ-ગરબા-કંકુ-તિલકથી પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. વિમાની મથકે આ ભવ્ય સ્વાગતથી મહેમાનો અત્યંત પ્રભાવિત થયા હતા. બ્રાઝિલના રિઓ-ડી-જાનેરો સિટીમાંથી આવેલા શ્રી લુકાસ અને પ્રેડો સ્પેડેલ તેમના સ્વાગત બાદ કહે છે કે, અમદાવાદ એરપોર્ટ પર જે પ્રકારનું પરંપરાગત રીતે અમારું સ્વાગત થયું એ બદલ અમે આભાર વ્યક્ત કરીએ છીએ. એરપોર્ટ પર કલ્ચરલ પરફોર્મન્સ તેમજ હોસ્પિટાલિટીથી અમે ખૂબ અભિભૂત પણ થયા છીએ. જાપાનના ટોકિયા શહેરમાંથી આવેલા શ્રી યુસુક ટકાશી અને શ્રી મિરોન જાકીએ કહે છે કે, અમદાવાદમાં અમારું જે પ્રકારનું સ્વાગત થયું છે એ અમારા માટે એક યાદગાર સ્વાગત રહેશે. અમને એરપોર્ટ પર ચાનો ટેસ્ટ ખરેબર અદભુત લાગ્યો. અમારું આ પ્રકારનું સ્વાગત કરવા બદલ અમે સરકારનો આભાર વ્યકત કરીએ છીએ.

જ્યારે યુરોપિયન કન્ટ્રી મોલડોવામાંથી આવેલા શ્રી અમ્બ્રોર્ટ કહે છે કે, અમે પ્રથમ વખત ભારતમાં આવ્યા છે. અમારું ભારતમાં જે પ્રકારનું સ્વાગત થયું એ ખરેખર અદભુત હતું. ગુજરાતી કલ્ચર જોઈને અમને આનંદ થયો છે અને ગુજરાતની સાંસ્કૃતિક ઘરોબહર સમુદ્ધ છે. યુકેના લંડન શહેરમાંથી આવેલા શ્રી અનિતાજીએ કહ્યું કે, હું સમગ્ર આયોજનને લઈને ૫ સ્ટાર રેટિંગ આપું છું. અમે સમગ્ર આયોજનને લઈને ખુશ છીએ. આ ઉપરાંત અમદાવાદ મહાનગર પાલિકાના અધ્યક્ષપદે યોજાયેલી 'મેયર પરિષદ'માં સહભાગી થવા દેશ-વિદેશમાંથી આવેલા મહેમાનોએ અમદાવાદ એરપોર્ટ પર થયેલા તેમના સ્વાગતને એક યાદગાર સ્વાગત કહીને આભાર વ્યકત કર્યો હતો.

### જસદણના વીરપર ગામે

# રાજકોટની મહીલાએ વાવવા આપેલ જમીન પચાવી પાડતા લેન્ડ એન્ડ ગ્રેબિંગનો ગુન્હો દાખલ

| હુસામુદીન કપાસી જસદણ, તા.૭ |

રાજકોટ શહેરની મહિલાની માલીકીની ભાડલાના વિરપર ગામે આવેલ ખેતીની જમીન જે ખેડૂતને વાવવા આપી હતી તે ખેડૂતે કબ્જો કરી પચાવી પાડતા લેન્ડગ્રેબીંગના નવા કાયદા હેઠળ ભાડલા પોલીસ મથકમાં ફરીયાદ થઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં રામપાર્ક સોસાયટી શેરી નં. ૧ કેન્દ્રીય વિદ્યાલયની બાજુમાં કાલાવડ રોડ ઉપર રહેતા ડેનીશાબેન હરસુખભાઈ ગરધરીયાએ ખેડૂત શામજી હમીરભાઈ સોલંકી રે. વિરપર સામે ભાડલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદીની માલીકીની જસદણના વિરપર (ભાડલા) ગામની સીમમાં સર્વે નં. ૩૩ પૈકી ૦૩ ની ૦૨-૩૭-૭૫ હે. આરે. ચો. મી. જમીન ખાલી કરવા માટે ફરીયાદી પિતાએ અવારનવાર આરોપીને કહેવા છતાં અને નામદાર કોર્ટનો વચગાળાનો મનાઈ હુકમ હોવા છતાં આરોપી કોઈપણ જાતના હકક દાવા વગર ગેરકાયદે રીતે કબ્જો કરી બળજબરીથી પચાવી પાડી હતી. ફરીયાદમાં વધુમાં જણાવ્યા મુજબ ફરીયાદીના પિતાએ તેની માલીકીની જમીન આરોપી શામજી સોલંકીને ભાગમાં વાવવા માટે આપ્યા બાદ ખેડૂત શામજી સોલંકી જમીન ખાલી કરતો નહતો. ત્યારબાદ ફરીયાદીના પિતાનું અવસાન થતા ફરીયાદી વારસદાર દરજજે ખેતીની જમીનના માલીક બન્યા હતાં. અને અવાર નવાર કહેવા છતાં વાવવા આપેલ ખેતીની જમીન ખેડૂત શામજી ખાલી કરતો ન હતો. આ ફરીયાદ અન્વયે ભાડલા પોલીસે આરોપી શામજી સોલંકી સામે લેન્ડગ્રેબીંગના નવા કાયદા હેઠળ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. નોકરીપેશા લોકો ને આજે ધનની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારી મોંઘેરી ભેટ-સોગાદો પણ ખુશીભરી ક્ષણો પાછી નહીં લાવી શકે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમને આજે ઘર ની એક જૂની વસ્તુ પડેલી જોવા મળે છે, જે તમને તમારા બાળપણ ના દિવસો ની યાદ અપાવે છે અને તમે તમારો દિવસ ઘણી ઉદાસી સાથે એકલા પસાર કરી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. તમે તમારા પ્રેમી ને સમય આપવા પ્રયત્ન કરશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો. વિદ્યાર્થીઓ ને સલાહ આપવા માં આવે છે કે મિત્રતા ના મામલે આ કિંમતી ક્ષણો બગાડે નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ. જીવન તમને સારું લાગે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. પ્રેમ અમર્યાદિત છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. તમારા અને તમારા જીવનસાથી વચ્ચે ચોક્કસ જ વિશ્વાસનો અભાવ સર્જાશે. તેને કારણે લગ્નજીવનમાં તાણ સર્જાશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

ન્યૂઝ બ્રિફ

## ઉપયોગ વીનાના ગ્રીન કાર્ડ કેપ્ચર કરીને અન્યોને અપાશે

| વોશિંગ્ટન, તા.૭ |

જીવનમાં ક્યારેક અમેરિકન ગ્રીન કાર્ડ મળશે તેવી કામના સાથે હજારો ભારતીયો રાહ જોઈને બેઠા છે. આગામી દિવસોમાં તેમનું ગ્રીન કાર્ડનું સપનું સાકાર થાય તેવી શક્યતા છે. અમેરિકન રાષ્ટ્રપતિના એડવાઈઝરી કમિશને ગ્રીન કાર્ડઅંગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. તે મુજબ જે ગ્રીન કાર્ડનો કોઈ ઉપયોગ નથી થતો તેને રિકેપ્ચર કરવામાં આવશે. ૧૯૯૨થી અત્યાર સુધીમાં ફેમિલી અને એમ્પ્લોયમેન્ટ કેટેગરીના લગભગ ૨.૩૦ લાખ ગ્રીન કાર્ડ એવા છે જેનો ઉપયોગ નથી થયો. તેથી તેને રિકેપ્ચર કરાશે અને જે લોકો ગ્રીન કાર્ડમાટે રાહ જોઈ રહ્યા છે તેમને આપવામાં આવશે. ગ્રીન કાર્ડને પર્મેનન્ટ રેસિડન્ટ કાર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે. વિદેશથી અમેરિકા ઈમિગ્રેશન કરીને આવતા લોકોને આ ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. તે એ વાતનો પૂરાવો છે કે ગ્રીન કાર્ડ ધારકને કાયમી રેસિડન્ટ તરીકેના અધિકારો મળશે. અમેરિકન પ્રેસિડન્ટની એડવાઈઝરી કમિટીએ ગ્રીન કાર્ડ રિકેપ્ચર કરવાનો નિર્ણય લીધો તેના કારણે ૧૯૯૨થી ૨૦૨૨ સુધીમાં વપરાયા વગરના ૨.૩૦ લાખ ગ્રીન કાર્ડને રિકેપ્ચર કરવામાં આવશે. ત્યાર પછી આ કેટેગરીમાં દર વર્ષે જે ૧.૪૦ લાખ ગ્રીન કાર્ડ આપવામાં આવે છે તેમાંથી રિકેપ્ચર કરાયેલા ગ્રીન કાર્ડને થોડા થોડા કરીને ઉમેરવામાં આવશે. તેથી વધુ લોકોને અમેરિકાની પર્મેનન્ટ રેસિડન્સી મળવાનો ચાન્સ રહેશે. ભારતીય-અમેરિકન ઉદ્યોગ સાહસિક અજય ભુટોરિયાએ આ જાણકારી આપી હતી જેઓ રાષ્ટ્રપતિ જો બાઈડેનના એશિયન અમેરિકન અંગેના એડવાઈઝરી કમિશનના સભ્ય છે. તેમણે કહ્યું કે વણવપરાયેલા ગ્રીન કાર્ડને રિકેપ્ચર કરવામાં આવશે અને ભવિષ્યમાં ગ્રીન કાર્ડ વેસ્ટમાં ન જાય તે જોવામાં આવશે. તેનાથી હાલમાં ગ્રીન કાર્ડ એપ્લિકેશનમાં જે વિલંબ થાય છે તેનો ઉકેલ આવશે અને જે લોકો વર્ષોથી બેકલોગમાં રાહ જોઈ રહ્યા છે તેમને રાહત મળશે. પ્રેસિડન્ટની એડવાઈઝરી કમિટિએ ૧૯૯૨થી અત્યાર સુધીમાં ફેમિલી અને એમ્પ્લોયમેન્ટ કેટેગરીમાં જે વણવપરાયેલા ગ્રીન કાર્ડ્સ છે તેને રિકેપ્ચર કરવાના નિર્ણયને મંજૂરી આપી છે. અમેરિકના સરકાર દ્વારા ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરવામાં આવે ત્યાર પછી તેનો ઉપયોગ ન થાય તો વ્યક્તિઓ, પરિવારો અને અમેરિકન ઈકોનોમી પર તેની અસર પડે છે.



કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામનને પુડુચેરીમાં રાજ નિવાસ પહોંચ્યા પછી પુડુચેરીના મુખ્યમંત્રી એન રંગસામી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર ખાલિસ્તાનીઓનો હુમલો

## અમેરિકાના અનેક સાંસદો ખાલિસ્તાનીઓ પર ભડક્યા

| વોશિંગ્ટન, તા.૭ |

અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો ખાતે આવેલા ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર થયેલા ખાલિસ્તાની હુમલા બાદ અમેરિકાના સાસંદો ભડકી ઉઠ્યા છે.અમેરિકન કોંગ્રેસના સભ્યોએ આ હુમલાની નિંદા કરી છે અને તેમાં સામેલ ખાલિસ્તાનીઓ સામે આકરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સરકાર સમક્ષ કરી છે. અમેરિકામાં ભારતીય મૂળના સાંસદ રો ખન્ના તેમજ માઈકલ વોલ્ટઝે કહ્યુ છે કે, ડિપ્લોમેટિક કચેરીઓ પરના હુમલા સાંખી લેવાય તેમ નથી. ભારતીય વાણિજ્ય દૂતાવાસમાં થયેલી આગચંપી અને ભારતીય ડિપ્લોમેટ્સને ધમકી આપતા પોસ્ટરોને વાયરલ કરવાના કૃત્યની નિંદા કરીએ છે. સાંસદોએ કહ્યુ હતુ કે, અમેરિકામાં અભિવ્યક્તિની આઝાદી છે પણ તેના કારણે હિંસા કરવાનુ અને કોઈની સંપત્તિને નુકસાન પહોંચાડવાનુ લાઈસન્સ નથી મળી જતુ. અમે અમેરિકાના વિદેશ મંત્રાલયને અનુરોધ કરીએ છે.

પાકિસ્તાની મહિલા પર વધુ ખુલાસો

## સીમાએ પરિવાર તૈયાર ન હોવા છતાં લવ મેરેજ કર્યાનો પતિનો દાવો

### મહિલાના પતિની સરકાર સમક્ષ બાળકોને પાછા લાવવા માગણી : હાલ સીમા અને તેના બાળકો પોલીસ કસ્ટડીમાં

| ગ્રેટર નોઈડા, તા.૭ |

પાકિસ્તાનથી સરહદ પાર કરીને ભારતના ગ્રેટર નોઈડામાં રબુપુરામાં રહેતા પોતાના પ્રેમી સચિન પાસે સીમા હૈદર પહોંચી હતી. આ કહાણીમાં એક નવો ટ્વિસ્ટ આવ્યો છે. એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં સીમાના પતિએ દાવો કર્યો છે કે, સીમાએ તેની સાથે લવ મેરેજ કર્યા હતા. એ સમયે તેનો પરિવાર પણ તૈયાર નહોતો. તેણે સરકાર સમક્ષ માગણી કરી છે કે, તેમના બાળકોને પાછા લાવવા જોઈએ.

જો કે, હાલ સીમા અને તેના બાળકો પોલીસ કસ્ટડીમાં છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, સાઉદી અરબમાં રહેતા સીમા હૈદરના પતિ ગુલામ હૈદરે દાવો કર્યો છે કે, સીમાએ તેની સાથે લવ મેરેજ કર્યા હતા. એ સમયે તેનો પરિવાર પણ તૈયાર નહોતો. બાદમાં જારે રિંદ બિરાદરીએ તેમના નિકાહનો સ્વીકાર કર્યો તો બધાએ નિકાહ સ્વીકાર્યા હતા. એક કોલ દ્વારા બંને વચ્ચે સંપર્ક થયો હતો.

પછી ત્રણથી ચાર મહિના સુધી તેઓ ફોન પર જ વાતો કરતા રહ્યા રહતા. એ પછી બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. સીમાના સંબંધીઓ પણ આ સંબંધથી ખુશ નહોતા અને એટલા માટે તેઓએ કોર્ટમાં નિકાહ કર્યા હતા. ગુલામ હૈદરના જણાવ્યા મુજબ, તેમની બિરાદરીએ નિકાહ સ્વીકાર્યા બાદ તેઓ કરાચીમાં રહેવા માટે આવી ગયા હતા. જ્યાં સીમાના પિતા અને બહેન પહેલેથી જ રહેતા હતા. ગુલામ હૈદરે જણાવ્યું કે, તે ઓટો રિક્ષા ચલાવતા હતા. ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી, પણ તેઓ વચ્ચે કોઈ ઝઘડો નહોતો. એ પછી સાઉદી અરબ ગયો અને ત્યાં ખૂબ જ મહેનત કરી. પોતાનું ઘર બનાવવા માટે



રુપિયા પણ મોકલ્યા. આ દરમિયાન તે પોતાની પત્ની સાથે ફોન પર જ વાતો કરતો હતો. તેનું ઘર નાનું હતું. ત્યારે સીમાએ એવું કહ્યું કે, હાલ તે ભાડાના મકાનમાં શિફ્ટ થાય છે, કારણ કે મકાનનું રિપેરિંગ કામ કરાવવાનું હતું. એ પછી તે પોતાના ઘરે જતી રહી અને ક્યારેય પરત ફરી નહીં. ગુલામ હૈદરના જણાવ્યા મુજબ, તેની પત્ની સીમાએ ઘર વેચી માર્યુ છે અને દાગીના તથા બાળકોને લઈને જતી રહી છે. તેને આ વાતની જરાય શંકા નહોતી ગઈ. તેમના ઓળખીતા દ્વારા જાણવા મળ્યું કે, પત્ની દુબઈ જતી રહી છે અને પછી જાણવા મળ્યું કે, નેપાળ ગઈ છે. સોશિયલ મીડિયાથી જાણવા મળ્યું કે, તે ભારતની જેલમાં બંધ છે. તેની પત્ની પબજી ગેમ રમીને આડા રસ્તે ચાલી ગઈ છે. તેણે બાળકો સાથે પાછા ફરવું જોઈએ. જો કે, સીમાએ એવું કહ્યું હતું કે, તેણે તેના પતિને છૂટાછેડા આપી દીધા છે. પરંતુ ગુલામ હૈદરે તેના દાવાને નકાર્યો છે. તેનું કહેવું છે કે, તેણે છૂટાછેડા આપ્યા નથી. તે સીમાને પ્રેમ કરે છે. તેના પર એટલો વિશ્વાસ હતો કે, ઘર પણ તેના નામે કરાવી દીધુ હતુ.

યુસીસી સંદર્ભે અમિત શાહનું આશ્વાસન

## ખ્રિસ્તીઓ-આદિવાસી ક્ષેત્રોના અમુક હિસ્સાને છૂટ આપવાની વિચારણા

### પ્રતિનિધિમંડળે શાહ સાથે મુલાકાત કરી યુસીસીના પ્રસ્તાવ સંબંધિત આશંકાઓ અને તેના પરિણામોથી વાકેફ કરાવ્યા

| નવી દિલ્હી, તા.૭ |

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી નેફ્યૂ રિયોના નેતૃત્વ હેઠળના ૧૨ સભ્યો ધરાવતા નાગાલેન્ડ સરકારના પ્રતિનિધિમંડળને આશ્વાસન આપ્યું છે કે કેન્દ્ર સરકાર યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના દાયરાથી ખ્રિસ્તીઓ અને આદિવાસી ક્ષેત્રોના અમુક હિસ્સાને છૂટ આપવા અંગે વિચારી રહી છે. રાજ્ય સરકારે એક બુલેટિનમાં આ માહિતી આપી હતી. જોકે ગૃહ મંત્રાલયે આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નથી.



આ પ્રતિનિધિમંડળે બુધવારે અમિત શાહ સાથે મુલાકાત કરી હતી અને તેમને યુસીસીના પ્રસ્તાવ સંબંધિત આશંકાઓ અને તેના ગંભીર પરિણામોથી વાકેફ કરાવ્યા હતા. નાગાલેન્ડ એક ખ્રિસ્તી રાજ્ય છે અને અહીં બંધારણની કલમ ૩૭૧(એ) ધાર્મિક અભ્યાસની ગેરન્ટી આપે છે. નાગાલેન્ડ સરકારના પ્રવક્તા અને મંત્રી કે.જી. કેન્યેએ કહ્યું કે અમિત શાહે આશ્વાસન આપ્યું છે કે કેન્દ્ર ૨૨માં કાયદા પંચના દાયરાથી ખ્રિસ્તીઓ અને અમુક આદિવાસી ક્ષેત્રોને રાહત આપવા માટે સક્રિય રીતે વિચારી રહી છે. આ એક મોટી રાહત છે કેમ કે તેનાથી મોટી ઉથલપાથલ ટળી જશે. યુસીસી ભાજપ માટે મહત્ત્વનો મુદ્દો રહ્યો છે. આ કદાચ એકમાત્ર એવો મુદ્દો છે જેને અત્યાર સુધી લાગુ નથી કરાયો.

## મેટા સામે થ્રેડ્સ સંદર્ભે કાનુની કાર્યવાહીની મસ્કની ધમકી

| વોશિંગ્ટન, તા.૭ |


મેટાએ ગઈકાલે ટ્વિટરને ટક્કર આપવા માટે થ્રેડ્સ એપ લોન્ચ કરી હતી અને આ એપ લોન્ચ થયાના સાત કલાકની અંદર જ દસ મિલિયનથી વધુ લોકોએ પ્લેટફોર્મ પર સાઈન અપ કર્યું હતું. હવે ૨૪ કલાકમાં જ ઈલોન મસ્કે મેટા સામે કાનૂની કાર્યવાહીની ધમકી આપી છે. છેલ્લા કેટલાય સમયથી ટ્વિટર પર ફેરફારો અને અવનવા નિયમોને કારણે યુઝર્સ કંટાળી ગયા હતા તેમજ ખુબ જ નારાજ થયા હતા તે વચ્ચે ગઈકાલે માર્ક ઝકરબર્ગ ટ્વિટરને ટક્કર આપવા માટે થ્રેડ્સ એપ લોન્ચ કરી હતી જે સફળ રહી હતી. થ્રેડ્સ એપ એક જ દિવસમાં લોકપ્રિય થઈ ગઈ હતી અને દેશ- વિદેશના સેલિબ્રિટી, રાજકારણીઓ તેમજ સામાન્ય નાગરિકોએ જોડાઈ ગયા હતા. જો કે ટેક્સ્ટ-આધારિત થ્રેડ્સ એપ્લિકેશન લોન્ચ થયાના ૨૪ કલાકની અંદર ઈલોન મસ્કે મેટા સામે કાનૂની કાર્યવાહીની ધમકી આપી છે. સુત્રોમાંથી મળતા અહેવાલો અનુસાર ટ્વિટરના વકીલ એલેક્સ સ્પિરો દ્વારા ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગને મોકલવામાં આવેલા પત્રને ટાંકીને જણાવ્યુ હતું કે ટ્વિટરે તેની નવી ટેક્સ્ટ-આધારિત એપ્લિકેશન થ્રેડ્સ એપને લઈને મેટા સામે કાનૂની કાર્યવાહીની ધમકી આપી છે. અહેવાલ મુજબ ટ્વિટરના પ્રતિનિધિ કાઉન્સેલ એલેક્સ સ્પિરોએ મેટા પર કોપીકેટ એપ્લિકેશન બનાવવા માટે ટ્વિટરના ભૂતપૂર્વ કર્મચારીઓની ભરતી કરીને ટ્વિટરના ટ્રેડ સિક્રેટ તેમજ અન્ય રીતે કેટલીક વસ્તુઓનો ગેરકાયદેસર ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો.

# વિશેષ

યુટ્યુબ કોપીરાઇટ ઉલ્લંઘન કરનાર વિડિયોને તરત જ દુર કરે છે અને અશ્લીલલા ફેલાવનાર વિડિયો પર તેનુ વલણ સ્પષ્ટ રહ્યુ છે

## લાંબા વિડિયો પ્લેટફોર્મ સામે પડકારો

ઈન્સ્ટાગ્રામના લાંબા વિડિયોવાળા પ્લેટફોર્મને હાલમાં કેટલાક પડકારોનો સામનો કરવો પડશે. જેમ કે કન્ટેન્ટ બનાવવાવાળા લોકોની સાથે રેવેન્યુ મોડલ માટેનુ માળખુ તૈયાર કરવાનુ રહેશે. વિડિયોના નિર્માતા અને દર્શકોને જાળવી રાખવા માટેની બાબત પણ પડકારરૂપ રહેશે. સાથે સાથે ચાહકોને એકબીજા સાથે જોડી રાખવાની બાબત પણ તેમના માટે સરળ રહેનાર નથી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે યુટ્યુબ કન્ટેન્ટ બનાવનારની સાથે રેવેન્યુ સીધી રીતે વહેચે છે. જેમાં સફળ વિડિયો ક્રિએટરની કમાણી દર મહિને ૧૦ હજાર ડોલરથી વધારે છે. ઈન્સ્ટાગ્રામની નીતિ હાલમાં આ સંબંધમાં સ્પષ્ટ દેખાઈ રહી નથી. ઈન્સ્ટાગ્રામમાં વધારે ફોલોવર ધરાવનાર લોકો પ્રભાવશાળી માર્કેટિંગ મારફતે પૈસા કમાવી રહ્યા છે. જેમાં કંપનીઓ સીધી રીતે એવા લોકોને પોતાની પ્રોડક્ટસ અને નાણાં આપે છે જેમની પાસે ફોલોઅર્સ વધારે છે. તેમને ઈન્સ્ટાગ્રામ કોઈ પણ રીતે સીધા પૈસા આપતી નથી. બીજો મોટો પડકાર એ છે કે આઈજી ટીવી પ્લેટફોર્મને સાફ સુફરો રાખવાની પણ જરૂર છે. અશ્લીલ અને ઠેસ પહોંચાડનાર વિડિયો પર પણ અંકુશ મુકવા માટેની જરૂર દેખાઈ રહી છે. યુટ્યુબની મામલે નીતિ સ્પષ્ટ રહી છે. યુટયુબ હિંસા અને અશ્લીલતા ફેલાવનાર વિડિયોને તરત દુર કરે છે. તેની સંપૂર્ણ ટીમ આ મામલે ખુબ જ સંવેદનશીલ રહેલી છે. એક મામલો એવા યુટ્યુબના પણ છે જે લોકોએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના એકાઉન્ટ બનાવી લીધા છે પરંતુ



**કન્ટેન્ટ બનાવવાની સાથે સાથે રેવેન્યુ મોડલ માળખુ બનાવવુ પડશે...**

યુટ્યુબનો હજુ સુધી સાથ છોડ્યો નથી. સ્વાભાવિક છે કે નવા પડકારોને ધ્યાનમાં લઈને યુટ્યુબ પોતે પણ ફેરફાર કરવાના લઈને ભારે દબાણ હેઠળ રહે છે. ફેસબુક અને ગુગલમાં પ્રભુત્વ માટેન લડાઈ હાલમાં છેડાયેલી છે. આના કારણે સીધો ફાયદો તો સામાન્ય લોકોને જ થનાર છે. કારણ કે તેમને પોતાની ક્રિએટિવિટી દર્શાવવા અને લોકોની સાથે જોડાઇ જવા માટે નવા ફિચર્સ પણ મળશે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આગામી દિવસોમાં કેટલાક નવા પડકારો બન્નેની સામે રહેશે. ખુબ ઓછા લોકો પાસે આ અંગેની માહિતી છે કે વિડિયો `યરિંગ વેબસાઇટ તરીકે પે પલ કર્મચારીઓ દ્વારા યુટ્યુબની રચના કરવામાં આવી હતી. આ સાઈટ પર યુઝરો કન્ટેન્ટને અપલોડ કરી શકે છે, શેયર કરી શકે છે અને અન્ય લોકોને આપ લે કરી શકે છે. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૫ના દિવસે યુટ્યુબને એક્ટિવેટ કરવામાં આવ્યા બાદ આજે તેની લોકપ્રિયતા રેકોર્ડ સપાટી પર છે. પે પલ માટે કામ કરી રહ્યા હતા ત્યારે ત્રણ કર્મચારીઓ ચાડ ર્લે, સ્ટીવ ચેન અને જાવેદ કરીમ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. પે પલ માટે અભ્યાસ કરતા પહેલા હર્લે ઈન્ડિયન યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં ડિઝાઈનમાં અભ્યાસ કરી રહ્યા હતા. ચેન અને કરીમે યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસમાં કોમ્પ્યુટરમાં અભ્યાસ કર્યો હતો. પ્રથમ યુટ્યુબ વિડિયો મી એટ ઝુ નામથી મુકવામાં આવ્યા બાદ તેની વિધીવત શરૂઆત થઈ હતી. ૨૩મી એપ્રિલ ૨૦૦૫ના દિવસે તેને અપલોડ કરવામાં સફળતા મળી હતી. વર્ષ ૨૦૦૬માં તે વર્લ્ડ વાઈડ વેબસાઈટમાં સૌથી ઝડપથી લોકપ્રિય થતી સાઈટ બની ગઈ હતી. આવ જ રીતે ઈન્સ્ટાગ્રામ ફેસબુકની માલિકીની એક ફોટો અને વિડિયો શેયરિંગ સોસિયલ નેટવર્કિંગ સાઈટ છે. કેવિન સેસ્ટ્રોમ અને મઈક ક્રિગર દ્વારા તેની રચના કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૧૦માં તેને લોંચ કરવામાં આવ્યા બાદ તેની પણ લોકપ્રિયતા સતત વધી રહી છે. શરૂઆતમાં તેની સેવા મર્યાદિત હતી પરંતુ હવે તેમાં જુદા જુદા ફિચર્સ ઉમેરી દેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૦માં લોંચ કરવામાં આવ્યા બાદ ઈન્સ્ટાગ્રામની લોકપ્રિયતા રોકેટગતિથી વધી હતી.

વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે

## એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિંગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ



**લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...**

કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે. એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે.

**રાજસ્થાનમા કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો એટલે કે ડિસેમ્બર ૨૦૨૩ પહેલા અહીં ચૂંટણી થઇ શકે છે**

# નીતિન પટેલને ભાજપે રાજસ્થાનમાં ચૂંટણીના સહ પ્રભારી બનાવ્યા

। ગાંધીનગર, તા.૭ ।

ગુજરાતના પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલને ભાજપે રાજસ્થાન ચૂંટણીના સહ પ્રભારી બનાવ્યા છે. જ્યારે રાજસ્થાનના પ્રભારી તરીકે પ્રહલાદ જોશીના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે ગુજરાતના પૂર્વ પ્રભારી તથા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને મધ્યપ્રદેશની સોંપાઈ જવાબદારી મધ્યપ્રદેશના ચૂંટણીના સહ પ્રભારી બનાવાયા છે.જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાને છત્તીસગઢ ચૂંટણીના સહ પ્રભારી બનાવાયારાજસ્થાનમાં પણ વર્ષ ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હાલમાં અહીં કોંગ્રેસની સરકાર છે અને અશોક ગેહલોત રાજ્યના મુખ્યમંત્રી છે. રાજસ્થાન વિધાનસભામાં ૨૦૦ બેઠકો છે. રાજસ્થાન વિધાનસભાનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૩માં પૂરો થવા જઈ રહ્યો છે. એટલે કે ડિસેમ્બર ૨૦૨૩ પહેલા અહીં ચૂંટણી થઈ શકે છે. આ વખતે પણ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો થવાની સંભાવના છે. છેલ્લા બે દાયકાથી રાજસ્થાન ભાજપમાં વસુંધરાનો દબદબો માનવામાં આવતો હતો, પરંતુ હવે એવું માનવામાં આવે છે કે પાર્ટી રાજસ્થાનમાં નવા નેતૃત્વની શોધમાં છે. ડિસેમ્બર ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં વસુંધરા રાજેના નેતૃત્વમાં ભાજપને અહીં હારનો સામનો કરવો પડ્યો હતો.

મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર છે. હાલમાં અહીં શિવરાજ સિંહ ચૌહાણ મુખ્યમંત્રી છે. અહીં વિધાનસભાની ૨૩૦ બેઠકો છે. આ વર્ષે નવેમ્બર ૨૦૨૩માં અહીં વિધાનસભાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. નવેમ્બર પહેલા અહીં ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. તમામ પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## રાજસ્થાન વિધાનસભાનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૩માં પૂરો થવા જઈ રહ્યો છે



ડિસેમ્બર ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં સીએમ શિવરાજ સિંહ ચૌહાણ ભાજપને સત્તામાં લાવવામાં નિષ્ફળ રહ્યા હતા. ભાજપ થોડીક સીટો પર કોંગ્રેસથી પાછળ રહી ગયું હતું. જેના કારણે ૧૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ મધ્યપ્રદેશમાં કમલનાથના નેતૃત્વમાં કોંગ્રેસની સરકાર બની હતી. જો કે, માત્ર એક ક્વાર્ટર પછી, ભાજપે રાજકીય ચાલાકી દ્વારા કમલનાથ સરકારને ઉથલાવી દીધી. આ પછી ફરી એકવાર શિવરાજ સિંહ ચૌહાણ ચોથી વખત રાજ્યમાં મુખ્યમંત્રીની ખુરશી પર બેઠા. જો ભાજપ આ રાજ્યને ગુમાવવા માંગતું નથી, તો તે જ કોંગ્રેસ પણ સત્તા મેળવવા માટે તેના રાજકીય મેદાનને મજબૂત કરવામાં વ્યસ્ત છે.છત્તીસગઢમાં પણ આવતા વર્ષે એટલે કે ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હાલમાં અહીં કોંગ્રેસની સરકાર છે. અહીં ભૂપેશ બઘેલ મુખ્યમંત્રીની ખુરશી સંભાળી રહ્યા છે. છત્તીસગઢમાં કુલ ૯૦ વિધાનસભા સીટો છે. છત્તીસગઢ વિધાનસભાનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૩માં સમાપ્ત થઈ રહ્યો છે. નવેમ્બર પહેલા અહીં ચૂંટણી થવાની સંભાવના છે. ભાજપ અને કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વખતે ભાજપ અહીં કોઈ સીએમ ચહેરા વગર ચૂંટણી લડશે. એવી અટકળો ચાલી રહી છે કે અહીં પીએમ મોદીના નેતૃત્વમાં ચૂંટણી લડવામાં આવશે અને જીત બાદ ચહેરો નક્કી થશે. એ જ કોંગ્રેસ માને છે કે ૧૫ વર્ષના શાસન બાદ છત્તીસગઢમાં ભાજપની હાલત ખરાબ છે અને ભાજપ પાસે ભૂપેશ બઘેલનો સામનો કરવા માટે કોઈ નેતા નથી.

**ન્યૂઝ બ્રિફ**

### આજે સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૭ ।

ગુજરાતમાં વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં સારા એવા પ્રમાણમાં વરસાદ પડ્યો છે. તેમજ ઉત્તર ગુજરાતમાં પણ છુટો છવાયો વરસાદ પડ્યો હતો. ત્યારે હવે આજથી વરસાદનાં બીજા રાઉન્ડની શરૂઆત થઈ છે. હવામાન વિભાગ દ્વારા આવનારા દિવસોમાં સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરી છે. ત્યારે આજે ગીર સોમનાથ તેમજ જૂનાગઢમાં અતિ ભારે વરસાદને લઈ હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ કરવામાં આવ્યું છે.

આ બાબતે હવામાન વિભાગનાં ડાયરેક્ટર મનોરમા મહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવનારા ૫ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આવનારા ૩ દિવસ સમગ્ર ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી શકે છે. જે બાદ ૨ દિવસ ધીરે ધીરે વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે શનિવારે સમગ્ર ગુજરાતમાં વરસાદ જોવા મળશે. સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે.

**U20 મેયરલ સમિટમાં પધારેલા દેશ-વિદેશના ડેલીગેટ્સે**

# ‘હેરિટેજ વોક’ દ્વારા અમદાવાદનો ઐતિહાસિક વારસો નિહાળ્યો

### મેયર કિરીટભાઇ પરમાર દ્વારા સૌ મહેમાનોને આવકારવામાં આવ્યાં

। અમદાવાદ, તા.૭ ।

વિશ્વના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી એવા અમદાવાદના આંગણે G20 અંતર્ગત યોજાવા જઈ રહેલી બે દિવસીય U20 મેયરલ સમિટના પ્રથમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલીગેટ્સે ‘હેરિટેજ વોક’ દ્વારા અમદાવાદનો ઐતિહાસિક વારસો નિહાળ્યો હતો. કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે સૌ આમંત્રિતોનું પરંપરાગત નૃત્યો અને વાદ્યોના તાલે સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર દ્વારા સૌ મહેમાનોને આવકારવામાં આવ્યાં હતા તથા હેરિટેજ વોક અને તેના મહત્વ અંગે ટૂંકમાં માહિતગાર કરવામાં આવ્યા હતા. કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી શરૂ થઈને જામા મસ્જિદ સુધીની હેરિટેજ વોક દરમિયાન ડેલીગેટ્સે ૨૨ જેટલા ઐતિહાસિક વારસાની ધરોહર સમાં વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. કાલુપુર સ્વામિનારાયણ મંદિર, કવિ દલપતરામ ચોક, કેલિકો ડોમ, લંબેશ્વરની પોળ, દોશીવાડાની પોળ, ઝવેરીવાડ, અષ્ટાપદજી દેરાસર, હરકુંવર શેઠની હવેલી, ફર્નાન્ડીસ પુલ, માણેક ચોક, રાણીનો હજીરો, જામા મસ્જિદ સહિતના સ્થળોની મુલાકાત લઈને દેશ-વિદેશથી પધારેલા મહેમાનોએ હેરિટેજ ઈન્ફ્રાસ્ટ્રકચર, ધર્મસ્થાનો, કોતરણી કામ, પોળ, ઓટલા, ચબૂતરા સહિત વિવિધ સ્થાપત્યોને નિહાળ્યા હતા. અંગ્રેજી ભાષાના જાણકાર ગાઈડ્સ દ્વારા મહેમાનોને ત્રણ ટુકડીઓમાં સમગ્ર હેરિટેજ રૂટના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વથી અવગત કરાવવામાં આવ્યાં હતાં.



**લગભગ બે લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે**

## ગુજરાત સાયન્સ સિટી દ્વારા ભવ્ય ક્વિઝ અને ટ્રેનિંગનો પ્રારંભ




। અમદાવાદ, તા.૭ ।

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC) ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST) ગુજરાત દ્વારા ઉચ્ચ પ્રાથમિક કક્ષાના બાળકો માટે એક વિશિષ્ટ રાજ્ય સ્તરની ક્વિઝ અને એક્સક્લુઝીવ ટ્રેનિંગનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાજ્યભરની શાળાના બાળકોને આ ક્વિઝમાં સામિલ કરવામાં આવશે અને વિજેતા થયેલા બાળકોને એક ખાસ ટ્રેનિંગ આપવામાં આવશે. ક્વિઝનુ આયોજન તબક્કાવાર વિવિધ જિલ્લાઓમાં કરવામાં આવશે, જેમાં લગભગ બે લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. હાલમાં યોજાયેલ અમદાવાદ જિલ્લાની ક્વિઝમાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગુજરાત સાયન્સ સિટી અવિરતપણે આવા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારના કાર્યો કરતી રહે છે.

### વડોદરા શહેરમાં ચિલ્ડ્રન પેઇન્ટિંગ વર્કશોપ યોજાશે

। વડોદરા, તા.૭ ।

વડોદરા શહેરમાં રમત, ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી વડોદરા દ્વારા જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, સી બ્લોક, ૮ મો માળ, નર્મદા ભવન ખાતે ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે. જેમાં ૬ થી ૧૪ વર્ષની ઉંમરના ૧૦૦ બાળકો ભાગ લઈ શકશે.



મનીષ પ્રજાપતિ, આણંદ

પેટલાદ સ્થિત તાલુકા પંચાયત પેટલાદ હસ્તકની ૧૫% વિવેકાધીન જોગવાઈ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ના ગ્રામીણ રોડ, રસ્તા, ગટર, પાણી તથા અન્ય વિકાસના કુલ ૧૦૨ કામો રૂપિયા ૧૧૭.૫૦ લાખના કામોના ૧૦૦% વહીવટી મંજૂરી /વર્ક ઓર્ડર વિતરણ કાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં સાંસદશ્રીની સાથે પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન, સંગઠન મહામંત્રી અલ્પેશભાઈ, પેટલાદ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી ડી.એસ.ગઢવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલિંદ બાપાના, પ્રાંતઅધિકારીશ્રી, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, પેટલાદ તાલુકાના ગામોના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતના સૌથી મોટા વ્યાજખોરીના કેસમાં વધુ બે આરોપીઓ ઝડપાયા

। અમદાવાદ, તા.૭ ।

ગુજરાતના સૌથી મોટા વ્યાજખોરીના કેસમાં વધુ બે આરોપીઓ પકડાયાં. જેમાં પૈસાની લાલચમાં મિત્રએ જ તેના મિત્રને વ્યાજ ખોરોના ચુંગાલમાં ફસાવ્યો હતો. જેમાં સમગ્ર ઘટનાની વિગત મુજબ અમદાવાદમાં નારોલ વિસ્તારમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના વેપારી કમલ ડોગરાને વ્યાજખોરના ચૂંગલમાં ફસાવનાર મિત્ર ફાલ્ગુન મહેતા અને રઘુવીરસિંહ ચંદ્રાવંશીની આર્થિક ગુના નિવારણ શાખાએ ધરપકડ કરી છે.ઈઓ એ બાતમીના આધારે આરોપીને ઝડપી લીધો છે. વેપારી કમલ ડોગરાને કોરોના સમયમાં ધંધામા નુકસાન થતા મિત્ર ફાલ્ગુન મહેતાનો સંપર્ક કર્યો હતો. ફાલ્ગુન મહેતાએ વ્યાજે રૂપિયાનુ આપવવાનું કહીને ધર્મેશ પટેલ, લાલભાઈ, રઘુવીરસિંહ, ચિરાગ શાહ, પરીક્ષિત દવે, વંદન પટેલ સાથે પરિચય કરાવ્યો અને તમામ લોકોએ તેમના અલગ અલગ બેંક એકાઉન્ટ માંથી વેપારી કમલભાઈની અલગ અલગ કંપનીઓના એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.જોકે વેપારીને આપ લી રકમ બેંકના માધ્યમથી આપવામાં આવી હતી.

**હવે, દેશમાં કુલ ૫૦ વંદે ભારત રૂટ કાર્યરત છે**

# વડાપ્રધાને ગોરખપુર રેલવે સ્ટેશનથી બે નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવી

### વંદે ભારત ટ્રેન ગોરખપુર - લખનૌ વાયા અયોધ્યા અને જોધપુર - અમદાવાદ (સાબરમતી) વચ્ચે શરૂ કરવામાં આવી

। અમદાવાદ, તા.૭ ।

વંદે ભારત એક્સપ્રેસ યાત્રીઓને વિશ્વસ્તરીય અનુભવ પ્રદાન કરી રહી છે અને ટુરીઝમને પ્રોત્સાહન આપી રહી છે. ભારતીય રેલવે આજે એક ઐતિહાસિક દિવસનો સાક્ષી બન્યું જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના ગોરખપુર સ્ટેશન પર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના બે નવા અને અપગ્રેડેડ વર્ઝનને લીલી ઝંડી બતાવી. કાર્યક્રમ દરમિયાન ઉત્તર પ્રદેશના રાજ્યપાલ, શ્રીમતી. આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી, શ્રી યોગી આદિત્યનાથ, ગોરખપુરના સાંસદ શ્રી રવિ કિશન શુક્લા, જનપ્રતિનિધિઓ અને વિશેષ અતિથિઓ પણ સ્થળ પર હાજર હતા.આરામદાયક અને ઉત્કૃષ્ટ રેલ યાત્રાના અનુભવના નવા યુગની શરૂઆત કરતા, બે નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો ગોરખપુર - લખનૌ વાયા અયોધ્યા અને જોધપુર - અમદાવાદ (સાબરમતી) વચ્ચે દોડી રહી છે. આજે લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાયેલ આ વંદે ભારત ટ્રેનો રાજ્યની રાજધાનીઓ અને અન્ય શહેરો વચ્ચે કનેક્ટિવિટી સુધારશે, યાત્રાનો સમય ઘટાડશે અને યાત્રીઓની સુવિધામાં વધારો કરશે.















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨